ગાંધીનગરથી દર ગુરૂવારે પ્રકાશિત થતું સાપ્તાહિક Agnipath (Weekly) Gandhinagar

Permitted by SSP GNR to Post at GNR Stg
Every Thursday Under Regd. No. : G GNR - 214 / 2012-14

ओ३म् अस्माकं वीरा उत्तरे भवन्तु

॥ કૃણ્વન્તો વિશ્વમાર્યમ્ ॥

# અગ્નિપથ

વર્ષ : ૧૫ અંક : ૧૯ તંત્રી : અરવિંદ કે. રાણા ● તારીખ : ૦૮-૦૫-૨૦૧૪, ગુરૂવાર R.N.I. No. GUJGUJ/2000/1951 ● કિંમત : રૂા. ૦.૭૫ ● પાના : ૪

### અથર્વવેદ ભાષ્ય (પ્રથમ ખંડ)ના પ્રકાશનમાં અગ્રિમ ગ્રાહક બની પ્રચાર-પ્રસારમાં ભાગીદાર બનો

વાનપ્રસ્થ સાધક આશ્રમ દ્વારા અથર્વવેદના પ્રથમ ખંડનું પ્રકાશન ટૂંક સમયમાં કરવામાં આવનાર છે. આપ જાણો છો તેમ આ અથર્વવેદનું ભાષ્ય વાનપ્રસ્થી શ્રી દયાળમુનિજી દ્વારા કરવામાં આવ્યું છે. અને આની ૫૦૦૦ જેટલી પ્રતો છાપવામાં આવી રહી છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે આ ગ્રંથ નીતિનિર્ધારણ કરતા મહાનુભાવનોને નિઃશુલ્ક વિતરિત કરવામાં આવનાર છે.

આ વેદગ્રંથના અગ્રિમ ગ્રાહક બનવા માટે વાનપ્રસ્થ સાધક આશ્રમ તરફથી તમામ આર્યસમાજો, આર્ય શિક્ષણ સંસ્થાઓ અને અગ્રણી સેવાભાવી સંસ્થાઓને અનુરોધ કરવામાં આવ્યો છે. આ ગ્રંથ ઉપર અગ્રિમ ગ્રાહકને ૫૦ ટકા ડિસ્કાઉન્ટ આપવામાં આવી રહ્યું છે. તેની કિંમત આ ડિસ્કાઉન્ટ બાદ માત્ર રૂ. ૪૦૦/- છે.




વૈચારિક ક્રાંતિ માટે વાંચો
મહર્ષિ દયાનંદ સરસ્વતી કૃત
સત્યાર્થ પ્રકાશ
દરેક આર્યસમાજોમાં ઉપલબ્ધ

## કચ્છના અબડાસા અને લખપત તાલુકાને અર્ધઅછત જાહેર કરાયા

ગત વર્ષ દરમ્યાન સમગ્ર ગુજરાતમાં ચોમાસુ એકંદરે સારુ રહ્યું હતું પરંતુ કચ્છમાં પુરતો વરસાદ થયો ન હતો. આથી ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં જ પાણીની અછત વાળા વિસ્તારની અનાવારી કરાવવામાં આવી હતી.

ગુજરાત સરકારના પ્રવક્તા શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, સરકાર દ્વારા કરાવવામાં આવેલી અનાવારીમાં કચ્છ જિલ્લાના અબડાસા અને લખપત તાલુકામાં ૪ થી ૬ આની અનાવારી આવી હતી. આથી સરકારે આ બંને તાલુકાને અર્ધ અછતગ્રસ્ત જાહેર કર્યા છે.


આ બંને તાલુકામાં કુલ ૧૦૬ ગામો આવેલા છે. આ તમામ ગામોમાં તાકીદે પીવાના પાણીની વ્યવસ્થા કરવામાં આવશે. બોરવેલ, હેન્ડ પંપ અને ટેન્કર દ્વારા પાણી પહોંચાડવાની વ્યવસ્થા કરાશે. આ ઉપરાંત પશુઓ માટે ઘાસચારાની પણ તાકીદે વ્યવસ્થા કરાશે.

પશુપાલકોને બે રૂપિયે કિલો ઘાસ મળી રહે તે માટે જરૂરી વ્યવસ્થા કરવા સરકારી તંત્રને જરૂરી સુચનાઓ આપી દેવામાં આવી છે આવી જ રીતે રોજગારી માટેના કામો જેવા કે રાહત કામ કે મનરેગાના કામો પણ તાકીદે શરૂ કરવામાં આવશે. આમ, આ બંને તાલુકાના ૧૦૬ ગામોના લોકોને પીવાના પાણીની તકલીફ ન પડે, પશુઓ માટે ઘાસચારાની તંગી ન સર્જાય અને લોકોને રોજગારી મળી રહે તેવા પગલાં ભરવામાં આવશે.

શ્રી નીતિનભાઈએ વધુમાં જણાવ્યું હતું કે, આ બે તાલુકા સિવાય ગુજરાતના અન્ય કોઈ તાલુકાઓ કે ગામોમા અછત કે અર્ધ અછત જેવી કોઈ પરિસ્થિતિ નથી. આ બંને તાલુકામાં ચોમાસા સુધી તમામ કામગીરી શરૂ રાખવાનો ઠરાવ કરાયો છે.

### આર્યસમાજ, મોરબી ખાતે

## પૂ. સ્વામી વિવેકાનંદ પરિવ્રાજકજીનું પ્રવચન



આર્યસમાજ, મોરબી ખાતે આગામી તા. ૧૩મી મે ના રોજ આર્યસમાજ, લખધીર વાસ મોરબી ખાતે દર્શન યોગ મહાવિદ્યાલય, આર્યવન, રોજડના નિદેશક પૂ. સ્વામી વિવેકાનંદજી પરિવ્રાજકજીનું પ્રવચન રાખવામાં આવ્યું છે.

કળિયુગમાં કંચન અને કામિની મનુષ્યોને કિરતારથી જોજનો દૂર લઈ જાય છે અને જીવાત્માને અવિદ્યા અને અંધકારના ખાડામાં ધકેલી દે છે. ચમડી અને દમડીનું સમગ્ર વિશ્વ પર આધિપત્ય દેખાઈ રહ્યું છે તેવા સમયે ઈશ્વરીય ઋણ, ઋષિ ઋણ અને આચાર્ય ઋણ ચૂકવીને પોતાના જીવનને આધ્યાત્મની ઉંચાઈએ પહોંચાડનાર સ્વામી વિવેકાંનદજી પરિવ્રાજકજી વિશ્વની વર્તમાન સમસ્યાઓનું વૈદિક નિરાકરણ એ વિષય ઉપર વ્યાખ્યાન આપશે.

આગામી તા. ૧૩મી ના રોજ આર્યસમાજ ખાતે સવારે ૯ :૦૦ થી ૧૦ : ૩૦ દરમ્યાન યોજનાર આ કાર્યક્રમમાં સર્વે ધર્મપ્રેમીઓને આર્યસમાજ લખધીરવાસ, મોરબીના તમામ પદાધિકારીઓ દ્વારા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે મોરબીના આ આર્યસમાજનું હાલમાં જ રીનોવેશનનું કાર્ય સમાપ્ત થયું છે.

## પાટીદાર અમર મિત્ર-મંડળ, નખત્રાણા (નવાવાસ) દ્વારા રજત જયંતી મહોત્સવનું આયોજન કરાશે

પાટીદાર અમર મિત્ર-મંડળ, નખત્રાણા (નવાવાસ) દ્વારા આગામી તા. ૨૫મી મે, ૨૦૧૪ના રોજ નખત્રાણાના નવાવાસમાં આવેલ શ્રી લક્ષ્મીનારાયણ મંદિર ખાતે રજત જયંતી મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં સૌ પ્રથમ સ્નેહ-મિલન યોજવામાં આવશે. ત્યાર બાદ સર્વે સભ્યોને સન્માનિત કરવામાં આવશે.

આ કાર્યક્રમમાં ગાંધીધામ નિવાસી પ્રખર વૈદિક પ્રવક્તા શ્રી ચંદ્રેશજી આર્યને ખાસ આમંત્રણ આપવામાં આવ્યું છે. શ્રી ચંદ્રેશજી આર્ય મુખ્ય વક્તા તરીકે પોતાનું ઉદ્‌બોધન ૪:૦૦ કલાકે આપશે. કાર્યક્રમના અંતમાં ૯:૩૦ કલાકે સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમમાં અમર મિત્ર મંડળ, નખત્રાણા (નવાવાસ)ના તમામ સભ્યો પરિવાર સહિત હાજર રહેશે તેમ મંડળના પ્રમુખ શ્રી કાંતીભાઈ નાથાણી તથા મહામંત્રી શ્રી નીતીનભાઈ ભાદાણીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે. શ્રી શંકરભાઈ ભીમાણી આ સમગ્ર કાર્યક્રમના કન્વિનર તરીકે પોતાની સેવા આપશે.



ઘેર બેઠા ગુરુકુલમાં લટાર મારો...
www.santodhavramvedicgurukul.com

# અથર્વવેદ ભાષ્ય (પ્રથમ ખંડ) ના પ્રકાશનની યોજના

ફેબ્રુઆરી માસના અંતમાં અથવા માર્ચ માસના પ્રારંભમાં પ્રકાશનનું કાર્ય પૂર્ણ થવાની સંભાવના છે.
દરેક આર્યસમાજ, આર્ય શિક્ષણ સંસ્થાઓ, અન્ય સંસ્થાઓ અગ્રિમ ગ્રાહક બનીને જોડાય તે ઈચ્છનીય છે

ઈશ્વરીય વાણી વેદનો અધિક માત્રામાં, તીવ્ર ગતિથી જન-જન સુધી પ્રચાર થાય તથા લોકો વેદને વાંચે, સમજે તથા તદનુસાર આચરણ કરી સમાજમાં સુખ શાંતિની સ્થાપના કરે એ ઉદ્દેશ્યથી ગુજરાતી ભાષામાં સર્વપ્રથમ વેદભાષ્ય પ્રકાશન કરવાની યોજના બનાવવામાં આવી છે. જેના અંતર્ગત યજુર્વેદ, સામવેદ અને ઋગ્વેદ ભાષ્ય ભાગ ૧,૨,3 નું પ્રકાશન સંપન્ન થયેલ છે અને અથર્વવેદ ભાષ્ય ( પ્રથમ ખંડ )નું પ્રકાશન આરંભાઈ ચૂક્યું છે. એક પ્રતિની કીમત ૫૦ % છૂટ ની સાથે ૪૦૦ રૂ. રાખેલ છે.

### નીતિનિર્ધારણ કરતા મહાનુભાવોમાં વિતરણ

આ યોજનાના પ્રથમચરણમાં યજુર્વેદ ભાષ્યનું ભવ્ય પ્રકાશન કરી ૯૪૪ પાનાના આ બૃહદ ગ્રંથનું વિમોચન ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે તા. ૨૯-૧૨-૦૮ના રોજ કરવામાં આવેલ છે. ત્યાર બાદ સામવેદ ભાષ્ય (પાના-૬૨૪), ઋગ્વેદ ભાષ્ય ૧ (પાના-૭૭૬), ઋગ્વેદ ભાષ્ય ૨ (પાના-૮૦૮), ઋગ્વેદ ભાષ્ય 3 (પાના-૧૦૪૦) વગેરે ગ્રંથ પ્રકાશિત કરાયા. પ્રકાશિત ગ્રંથ વિભિન્ન ધાર્મિક સંસ્થાઓ, મંદિરો, મઠો અને ધર્મક્ષેત્રના અગ્રણીઓ, વિદ્વાનો, પુરોહિતો તથા આચાર્યો, પ્રાધ્યાપકો, વિશ્વ-વિદ્યાલયો, સાર્વજનિક પુસ્તકાલયો, સંસ્કૃત તથા વેદ પાઠશાળાઓ, અનુસંધાન ભવનોની સાથોસાથ લોકસભાના સભ્યો, ધારાસભ્યો, મંત્રીગણ, વિવિધ પત્ર-પત્રિકાઓના સંપાદકો, ઉચ્ચ ન્યાયાલયોના ન્યાયમૂર્તિઓ, સામાજિક સંગઠનોના પદાધિકારીઓ વગેરેને ભેટ સ્વરૂપે પ્રદાન કરવાની કાર્યવાહી ચાલી રહી છે. અગાઉ અમે મનુસ્મૃતિ, સત્યાર્થ પ્રકાશ આદિ ઋષિકૃત ગ્રંથોનું આ પ્રકારે વિતરણ અને પ્રચાર-પ્રસાર કરેલ છે. વર્તમાનમાં જે બૃહદ યોજનાને મૂર્તિમંત બનાવવા જઈ રહ્યાં છીએ તેમાં આપનો સહકાર આવશ્યક છે.

### અથર્વવેદ ભાષ્ય (પ્રથમ ખંડ) ભાવાનુવાદક

શ્રી દયાલમુનિજી વાનપ્રસ્થ
(નિવૃત્ત વિભાગ અધ્યક્ષ, આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર)

- અથર્વવેદ ભાષ્ય (પ્રથમ ખંડ) ની ૫૦૦૦ નકલોનું પ્રકાશન થશે.
- આકાર : ૨૦ X ૨૮ (કાઉન ૮ પેજ)
- ઉત્તમ કાગળ, મલ્ટીકલર ટાઈટલ, રેકિઝન બાઈન્ડિંગ
- સંપૂર્ણ ગ્રન્થનું બે કલરમાં મુદ્રણ કરાશે. પ્રચારાર્થે પડકર કિંમત કરતાં પણ ઓછી કિંમતમાં વિતરણ કરાશે.

### આપ આ યોજનામાં જોડાઈ શકો છો...

- વ્યક્તિગતરૂપમાં પોતાના પરિવાર, મિત્રો, સ્વજનો અને સ્નેહીજનો માટે તથા સમાજ કે સંસ્થા તરફથી વિશિષ્ટ મહાનુભાવોમાં વિતરણ કે વેચાણ કરવા માટે અગ્રિમ ગ્રાહક બનીને....
- જો આપને સ્વયં વિશિષ્ટ મહાનુભાવોમાં વિતરણ કરવાની અસુવિધા હોય તો અમે આપના નામથી વિતરણ કરાવી શકીશું. આ હેતુ માટે અનુદાન આપીને આપ સહયોગી બની શકો છો.
- પ્રકાશિત ગ્રન્થોમાં વિશિષ્ટ સહયોગી અને અગ્રિમ ગ્રાહકો અથવા તેમના દ્વારા નિર્દિષ્ટ મહાનુભાવોનું નામ, ચિત્ર, જીવનવૃત્ત અથવા પરિચય પ્રકાશિત કરવામાં આવશે.
- ચેક/ડ્રાફ્ટ અથવા રોકડ રકમ રણસિંહ આર્ય ના નામે મોકલવા વિનંતી છે.

- એક લાખ રૂપિયા અથવા તેનાથી વધારે ધનરાશિ પ્રદાન કરનાર સહયોગી/અગ્રિમ ગ્રાહક પોતાના રંગીન ચિત્ર તથા સંક્ષિપ્ત જીવન પરિચય અવશ્ય મોકલાવે.
- એકાવન હજાર પ્રદાન કરનાર મહાનુભાવ પોતાનું રંગીન ચિત્ર અને નામ, સરનામું મોકલાવે.
- એકાવન હજારથી ઓછા અને ઓછામાં ઓછા અગિયાર હજાર પ્રદાન કરનાર મહાનુભાવોના નામ અને સરનામા પ્રકાશિત કરવામાં આવશે.
- દાન દાતાઓને ગ્રંથ પ્રકાશિત થયેલી ભેટરૂપે યથાયોગ્ય નકલો મોકલવામાં આવશે.

અંતમાં જો આપ વૈદિક ધર્મી છો અને વેદ ધર્મનો પ્રચાર-પ્રસાર સર્વત્ર થાય તેવી ઈચ્છા છે તથા ઈશ્વરે આપને ધન અને શ્રદ્ધા પ્રદાન કરી છે તો અમને સહયોગ પ્રદાન કરીને આર્યોચિત ધર્મનું પાલન કરશો, એવા વિશ્વાસ સાથે...

### સૂચના

- ■ અથર્વવેદ ભાષ્ય (પ્રથમ ખંડ)ના વિતરણ માટે કેટલી પ્રતોની જરૂર છે તે સત્વરે મુખ્ય વિતરકશ્રીને લખી મોકલવા વિનંતી છે.
- ■ ઓછામાં ઓછી ૨૦ પ્રતોના અગ્રિમ ગ્રાહક થનાર સંસ્થા/વ્યક્તિનાં નામ, સરનામાં ગ્રન્થમાં પ્રકાશિત કરવામાં આવશે.

★ વાનપ્રસ્થ સાધક આશ્રમ ★
આર્યવન-રોજડ, પો. સાગપુર, જિ. સાબરકાંઠા, ગુજરાત-૩૮૩૩૦૭.
ફોન : (૦૨૭૭૦) ૨૮૭૪૧૭, ૨૯૧૫૫૫, ૯૪૨૭૦૫૯૫૫૦
Web : www.vaanaprastharojad.org • E-mail : vaanaprastharojad@gmail.com

સ્થાન સૌજન્ય : સર્વોત્કર્ષ સેવા સંસ્થાન

आसमुद्रात्तु वै पूर्वादासमुद्रात्तु पश्चिमात् ।
तयोरेवान्तर गिर्योरार्यावर्त विदुर्बुधाः ॥

मनुस्मृति २/२२(७६)

જે પુર્વ સમુદ્રથી લઈને પશ્ચિમના સમુદ્ર પર્યન્ત વિદ્યમાન, ઉત્તરમાં હિમાલય અને દક્ષિણમાં સ્થિત વિન્ધ્યાચલનો મધ્યવર્તી દેશ છે તેને વિદ્વાનો આર્યાવર્ત કહે છે.

# બ્રહ્મચર્ય દ્વારા શરીરનું એકે-એક અંગ-પ્રત્યંગ નવા દિવ્ય જીવનરસથી જીવનમય બની જાય છે

## તંત્રી સ્થાનેથી....

## ગુનાખોરીનું પ્રમાણ ઘટતા સાંધ્ય કોર્ટોને બંધ કરવાનો નિર્ણય આવકારદાયક છે

ગુજરાત રાજયના સ્થાપના દિવસે અમદાવાદ સહિત સમગ્ર રાજ્યના વિવિધ જિલ્લાઓની સાંધ્ય કોર્ટો બંધ કરવાની જાહેરાત કરવામાં આવી હતી. ૨૦૦૬મા ગુજરાતના મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ સાંધ્ય કોર્ટોને મોડેલરૂપ બનાવવાની જાહેરાત કરી હતી. પરંતુ આશ્ચર્યજનક રીતે ગુજરાતમાં કેસોનું પ્રમાણ ઘટવાને કારણે આ વધારાની શરૂ કરવામાં આવેલી સાંધ્ય કોર્ટોને બંધ કરી દેવાની ફરજ પડી છે.

ગુજરાતમાં કુલ ૧૦૬ જેટલી સાંધ્ય કોર્ટો શરૂ કરવામાં આવી હતી પરંતુ ત્યાર બાદ તેની સંખ્યામાં ઉત્તરોત્તર ઘટાડો થતો આવ્યો હતો. ૨૦૧૪માં કુલ ૮૨ જેટલી જ સાંધ્ય કોર્ટો ચાલુ હતી. આ સાંધ્ય કોર્ટોમાં દારૂ અંગેના પ્રોહીબીશનના, જુગારના, અકસ્માત, નાના-મોટા ઝઘડા કે મારામારી અને વાહનોના મળી જુદા-જુદા પ્રકારના હળવા કેસો ચાલતા હતા.

સાંધ્ય કોર્ટોમાં ફરજ બજાવતા જજીસ એન સ્ટાફને ૨૫ ટકા પગાર આપવામાં આવતો હતો. જો કે સાંધ્ય કોર્ટોને જોઈએ તેવો પ્રતિસાદ સાંપડ્યો ન હતો. વકીલો તરફથી પણ તેને બહુ સમર્થત મળ્યું ન હતું. સાંધ્ય કોર્ટોમાં નાના ગુનાઓના કેસોનો ભરાવો નહીં રહેતાં અને કેસોનું પ્રમાણ ઘણું ઓછું થઈ જતાં હાઈકોર્ટ કમીટી તરફથી સાંધ્ય કોર્ટો બંધ કરવા અંગે રાજ્ય સરકારને ભલામણ મોકલવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા આ અંગે નિર્ણય કરવામાં આવનાર છે. પરંતુ એ વાત નક્કી જ છે કે સાંધ્ય કોર્ટો બંધ કરવામાં આવનાર છે.

ગુજરાતમાં ગુનાખોરીનું પ્રમાણ ઘટી રહ્યું હોવાનો દાવો કરતી સરકાર દ્વારા કોર્ટો બંધ કરવી પડે તેવી પરિસ્થિતિનું નિર્માણ થાય તે સરકારના આ દાવાઓનું સમર્થન જ કરે છે. આ એક સુખદ પરિસ્થિતિ છે કે સાંધ્ય કોર્ટોને ગુનાખોરીના કેસો ન આવવાને કારણે બંધ કરવી પડે છે. આજે દેશભરમાં જ્યારે નાના-મોટા ગુનાઓનું પ્રમાણ વધી રહ્યું છે ત્યારે તેનાથી ઉલટું ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકારમાં ગુનેગારોને સજા આપતી કોર્ટો જ બંધ કરવાની ફરજ પડી રહી છે. આ નિર્ણયને ગુજરાતની પ્રજાએ ખુલ્લા મનથી આવકારવો જોઈએ.

**अभिक्रन्दन् स्तनयन्नरुणः शितिङ्गो**
**बृहच्छेपोऽनु भूमौ जमार।**
**ब्रह्मचारी सिच्चति सानौ रेतः पृथिव्यां**
**तेन जीवन्ति प्रदिशश्चतस्त्रः ॥**

(અથર્વ.૫-૧૮-૧૨)

(अभिक्रन्दन्) ગરજતો, નાદ કરતો (स्तनयन्) કરાડતો, ધ્વનિ કરતો (अरुणः) આરોચમાન અને (शितिङ्गः) શ્યામલ (ब्रह्मचारी) આધિદૈવિક, આધિભૌતિક સમષ્ટિ તથા વ્યષ્ટિ-જગતરુપી બ્રહ્મચારી (भूमौ) ભૂમિ, (बृहत् शेषः) ખૂબ ઉત્પાદક શક્તિવાળો, ખૂબ પ્રભાવશાળી, ખૂબ આભ્યન્તર શક્તિવાળો થઈ (अनु जभार) કૃપા કરે છે તો (पृथिव्यां) આ પૃથ્વી ઉપર (सानौ) પહાડો, ઉન્નત પુરુષો તેમજ ઉન્નત પ્રાણ કેન્દ્રોમાં (रेतः सिच्चति) જળ, જ્ઞાન તેમજ વીર્યની વૃષ્ટિ કરે છે. (तेन) તે વૃષ્ટિથી (चतस्त्रः प्रदिशः) ચારેય દિશાઓ, બધા પ્રાણી, શરીરના બધા અણુઓ (जीवन्ति) જીવન પ્રાપ્ત કરે છે.

ઉર્ધ્વરેતા એને કહેવાય જે રેતસ્ (વીર્ય) ને ઉર્ધ્વ ઉપર લઈ જાય છે. આ ઉત્તમ પ્રકારના બ્રહ્મચારીઓનું નામ છે. ઉત્તમ ગૃહસ્થીઓને અધોરેતા કહેવાય છે કારણ કે વીર્યને નીચે લઈ જઈ ઋતુગમનના નિયમોનું પાલન કરતા ગર્ભાધાન કરે છે, સંતાનોત્પત્તિ કરે છે. ઉર્ધ્વરેતા સંતાનોત્પત્તિની શુદ્ધ ઈચ્છાથી પણ વીર્યને અધોગામી બનાવતા નથી, પરંતુ પાશવિક ભોગવાસનાની તૃપ્તિ માટે અનેક લોકો અનેક પ્રકારે વીર્યનો નાશ કરે છે તેઓને માટે નામકરણ કરવું પણ મુશ્કેલ છે, કદાચ ! 'ભ્રષ્ટરેતા' કહી શકાય.

વીર્યને ઉર્ધ્વગામી કર્યા વિના બ્રહ્મચર્ય સાધી ન શકાય અને વીર્યને ઉર્ધ્વગામી કરવા માટે તપસ્યા જ સાધન છે. આ વિશાળ જગતમાં અર્થાત્ આધિદૈવિક રુપમાં ઉર્ધ્વરેતા હોવાથી કઈ રીતે સારાય જગતનું જીવન ધારણ થઈ રહ્યું છે તે જો પાઠકગણ બરાબર સમજી લે તો તેની સાથોસાથ આધ્યાત્મિક અને આધિભૌતિક રુપમાં અથવા વ્યષ્ટિ કે સમષ્ટિ પ્રાણીજગતમાં ઉર્ધ્વરેતા હોવાનો અભિપ્રાય અને પ્રભાવને સમજવો સરળ થઈ પડશે.

આ શરીરનું શીર દ્યુલોક છે, હૃદય અંતરિક્ષ અને નીચેનો સ્થૂળ ભાગ પૃથ્વી છે. આ જગતરુપી બ્રહ્મચારી પોતાને દ્યૌ અને પૃથ્વીની અગ્નિઓની વચ્ચે સમાન રાખવાનું તપ કરે છે. આથી આ જગતમાં જીવન ચાલતું રહે છે. સ્થૂળ દૃષ્ટિએ આ જગતનો જીવનરસ-વીર્ય જળ(પાણી) છે. બહારનો 'આપ' પાણી દેવતા જ અંદર રેતસ્ (વીર્ય) બને છે. આ વાત ઉપનિષદ અને વેદમાં સ્પષ્ટપણે કહેવામાં આવી છે. આ જળરુપી વીર્ય તપસ્યા કરવાથી ઉપર ઉઠે છે. જેટલી તાપ-ઉષ્ણતા વધુ તેટલું તે અધિક ઉપર ઉઠે છે. આ તપસ્યા અને સમતા જગતમાં સ્પષ્ટરુપે જોઈ શકાય છે. તે જળ દ્યુલોકની અગ્નિ-સૂર્યના આકર્ષણના કારણે બધુ ઉપર સૂર્યમાં જઈ શોષિત થઈ જતું નથી અને નીચે પૃથ્ની અગ્નિના આકર્ષણના કારણે નીચે પણ પડ્યું રહેતું નથી. પરંતુ વચ્ચે અંતરિક્ષમાં સ્થિત થઈ જાય છે. આ જ કારણે અંતરિક્ષમાં જળનો મહાન સમુદ્ર બનેલો હોય છે. જેમ મનુષ્ય પોતાના હૃદયમાં જીવનકેન્દ્ર રાખે છે તેમ જગતનું જીવનકેન્દ્ર અંતરિક્ષમાં છે. ત્યાં જ બ્રહ્મચારીનો આત્મા રહે છે.

## વેદવાણી

**-આચાર્ય અભયદેવ વેદાલંકાર**

ત્યાંથી જ આ આત્મા દ્યૌ અને પૃથ્વીની સાથે બરાબર સંબંધ રાખે છે અને બંનેને જીવન આપે છે. આપણે જાણીએ છીએ કે સૂર્યરશ્મિઓના કારણે અંતરિક્ષ-સમુદ્રમાંથી આવશ્યકતા પડયે મેઘ પૃથ્વીના ઉન્નત સ્થાનો (પહાડો) પર વરસે છે. પરિણામે પૃથ્વીની ચારેય દિશાઓ નવજીવન પ્રાપ્ત કરે છે. પહાડોનું પાણી નદીરુપમાં, સ્ત્રોતરુપમાં અને અનેક પ્રકારના રુપોમાં વહી ભૂમિના અતિનિમ્ન ભાગમાં પણ વસતી જડ-ચેતન સૃષ્ટિને જીવનરસ પહોંચાડે છે. આ સર્વ ઉર્ધ્વગામી થયેલ જળ-વીર્યની મહિમા છે. જળ જયારે સૂક્ષ્મ બનીને બાષ્પ બની ઉપર ઉઠે છે ત્યારે તે અંતરિક્ષ-સમુદ્રમાં સ્થિત રહે છે. તે સર્વજગતનો જીવનાધાર હોય છે. આ સૂક્ષ્મજળનો કેટલોક ભાગ જયારે જીવનવર્ષા આપવા માટે સ્થૂળરુપ ધારણ કરે છે ત્યારે પણ તે શુદ્ર રુપમાં જ આવે છે. તેમાં પૃથ્વીની મલિનતા હોતી નથી, પરંતુ દ્યુલોકની દિવ્યતા ભળેલી હોય છે. આ જ પ્રમાણે બ્રહ્મચર્યનો મહિમા છે. તેમાં વીર્ય ઉપર ઉઠી સૂક્ષ્મ બની ઓજસ બની જાય છે. ઓજરુપમાં તે સારાય શરીરે ધારણ કરે છે અર્થાત્ શારીરિક જીવનનો આધાર બની જાય છે. આમાં શુદ્રતા હોય છે. તે શારીરિક મલિનતા (ઉત્તેજનાવશ થતી પ્રવૃત્તિ) થી રહિત અને દિવ્યતા (આત્મશક્તિની તેજસ્વિતા) થી યુક્ત હોય છે. તાત્પર્ય એ જ કે ઉપરથી વરસનારું જળ શુદ્ધ હોય છે, કારણ કે તે તપસ્યા દ્વારા ઉર્ધ્વગામી કરવામાં આવ્યું છે. તપસ્યા દ્વારા દ્યૌ અને પૃથ્વીના સમ(ઉચિત) ગુણોથી યુક્ત હોય છે. અભિક્રન્દન (ગર્જના કે નાદ) અને સ્તનયન (કડકવું કે ધ્વનિ) આ શબ્દોથી જે મેઘ (જગતનું અંતરિક્ષ) કે બ્રહ્મચારી (બ્રહ્મચારીનો અંતરાત્મા) ના અવાજનું વર્ણન કરવામાં આવ્યું છે. મેઘ તો સફેદ અને કાળા હોય છે, પરંતુ અહીં બ્રહ્મચારી દિવ્ય તપસ્યાના કારણે તેજસ્વી તથા ભૌતિક (શારીરિક) તપસ્યાના કારણે કંઈક શ્યામલ હોય છે. અધ્યાત્મ જગતમાં બ્રહ્મચારીના હૃદયમાં જે બે દ્યાવા-પૃથ્વીના વિરોધી ગુણોની મહાન સમતા હોય છે તેના કારણે તેને અરુણ અને શિતિંગ કહેવામાં આવે છે.

આમ દ્યૌ અને પૃથ્વીની સમતાના કારણે આધિદૈવિક જગતના હૃદય (અંતરિક્ષ-સમુદ્રમાં) કે આધિભૌતિક જગતના હૃદયમાં કે બ્રહ્મચારીના આત્મામાં એવું મહાન બળ આવી જાય છે કે તે 'બૃહત્-શેષ્' થઈ જાય છે મહાન પ્રભાવવાળો બની જાય છે અને જયારે આ શરીર પર કે આ સ્થૂળ જગત (પૃથ્વી કે પૃથ્વીના પ્રાણીજગત) પર કૃપાદૃષ્ટિ કરે છે ત્યારે પોતાની જળવૃષ્ટિ (ઓજઃ વૃષ્ટિ) દ્વારા શરીરના અંગેઅંગને તેમજ પૃથ્વીની ચારેય દિશાઓમાં અર્થાત્ પૃથ્વીના બધા પ્રાણીઓને જીવન આપી આપ્લાવિત કરી દે છે. કેટલાક લોકો આ મંત્રમાં જળવૃષ્ટિની ઉપમા દ્વારા સ્નાતક જ્ઞાનરુપી મહાસમુદ્રમાં સ્નાન કરતો કહ્યો છે, પરંતુ આ સુક્તમાં જે જન્મ અને જીવનનું વર્ણન છે તે વિદ્યાથી જન્મ અને જીવનનું છે. અન્ય મંત્રમાં ગર્ભધારણ કરવા અને બાળક પેદા કરવાનું વર્ણન છે તેનો અર્થ ભૌતિક ગર્ભ કે ભૌતિક જન્મ કરવો ઠીક નથી. અત્રે માનસિક કે જ્ઞાનમય જન્મ અને જીવનનું વર્ણન સંભવ છે. આ મંત્રમાં પણ અંતરિક્ષસ્થિત બ્રહ્મચારીના જીવન-પ્રદાનનું વર્ણન છે તે ભૌતિક વીર્યપ્રદાનનું નથી, પરંતુ તેનાથી ઉંચું જ્ઞાનમય જીવનપ્રદાનનું વર્ણન છે. સૌથી વિશેષ બાબત સ્પષ્ટ છે કે અહીં આભ્યન્તર ઉત્પતિનું વર્ણન છે. વીર્યશક્તિ દ્વારા પોતાના શરીરમાં જ જીવનપ્રદાનનું વર્ણન છે. અસલમાં આપણે ભૌતિક સ્થૂળ ચેતનામાં એટલા બધા ગ્રસ્ત છીએ કે બીજી વાત ગમે તેટલી સ્પષ્ટ કેમ ન હોય તેને સમજી શકતા જ નથી. આપણે બધી વાતોને સ્થૂળ અવસ્થા અનુસાર જ સમજવા ટેવાયેલા છે. શાસ્ત્રોમાં લખ્યું છે કે પહેલાના યુગમાં માનસ પ્રજા અસ્તિત્વમાં હતી, મૈથુનિ નહીં. લોકો એ બાબત સમજવા તૈયાર નથી કે જેમ ભૌતિક ઉત્પત્તિ થાય છે તેમ માનસિક તેમજ આત્મિક ઉત્પત્તિ પણ થાય છે. જેમ ભૌતિક જીવન છે તેમ માનસિક તેમજ આત્મિક જીવન પણ છે. માનસિક અને આત્મિક જીવન આ સ્થૂળજીવનની અપેક્ષાએ વધુ વ્યાપક અને વિશેષ મહત્વશાળી છે. આ તુચ્છ સ્થૂળ-ભૌતિક જીવન તેના પર જ ટકેલું હોય છે. આ દૃષ્ટિએ જો આપણે જોઈશું તો ખ્યાલ આવશે કે આ મંત્રમાં માનસિક ક્ષેત્રના જીવનનું અને તેમાંય મુખ્યતઃ ઉર્ધ્વરેતા થવાની મહિમાનું વર્ણન છે.

જે મનુષ્ય જેટલી તપસ્યા કરે છે તેટલા પ્રમાણમાં તે વીર્યને ઉપર લઈ જાય છે, ઉંચા લોકમાં જાય છે, એટલો જ પ્રભાવશાળી અને વૃષ્ટિ કરવાયોગ્ય ઉત્પાદકશક્તિ પ્રાપ્ત કરે છે. વીર્યને ઉર્ધ્વગામી બનાવવું બ્રહ્મચારીની તપસ્યા છે અને દિવ્ય વૃષ્ટિ તેનું ફળ છે. જો કોઈ મનુષ્ય ૨૫ વર્ષ સુધી સ્થૂળ બ્રહ્મચર્યનું પાલન કરે અર્થાત્ સારી રીતે વીર્યને ઉર્ધ્વગામી બનાવે તો નિઃસંદેહ વીર્યની સ્થૂળવૃષ્ટિ દ્વારા સારા સંતાનો પેદા કરશે. આ પ્રકારે તે ભૌતિક જીવનનો વિસ્તાર કરવામાં સફળ થશે, પરંતુ તે અધિક જીવન અને પ્રભાવ સંસારમાં લાવી શકશે નહિ. વિશેષ પ્રભાવ લાવવા માટે તેને વિશેષ તપસ્યા કરી વીર્યશક્તિને ઉર્ધ્વ લઈ જવી પડશે. ત્યાં પહોંચતા જ ઉર્ધ્વરેતાનું વીર્ય માનસિક તેમજ જ્ઞાનમય શક્તિના રુપમાં પરિવર્તિત થઈ જાય છે જેનાથી સર્વજગતના જીવનને યોગશાસ્ત્રમાં કહ્યા અનુસાર સર્વોચ્ચ સમાધિની અવસ્થામાં જેને 'ધર્મમેઘ' ની વૃષ્ટિથી નવરાવી દે છે. તે સમાધિમાં જે 'ધર્મામૃત ધારા' 'સહસ્ત્રશઃ' વરસે છે. કહેવાય છે તેનાથી જન્મજન્માંતરની અધર્મ મલિનતાઓ ક્ષણભરમાં ધોવાઈ જાય છે અને આખુંય શરીર અને બધા પ્રાણો નવીન થઈ જાય છે. શરીરનો એકેએક અંગ-પ્રત્યંગ એક નવા દિવ્ય જીવનરસથી જીવનમય બની જાય છે. તે ધર્મમેઘની વર્ષા શરીરના મુખ્ય કેન્દ્રો અર્થાત્ પ્રાણકન્દ્રો પર થાય છે અને તેના દ્વારા તે જીવનશક્તિ પોતાના માર્ગો દ્વારા શરીરના એક-એક અણુ સુધી પહોંચી જાય છે. આથી વ્યાસજીએ બ્રહ્મચર્યની પ્રતિષ્ઠા થવાની અવસ્થામાં થનારી સિદ્ધિનું વર્ણન કરતાં લખ્યું છે- 'अप्रतिघान् गुणान् उत्कर्षति' અર્થાત્ જેનો પ્રતિઘાત થઈ શકતો નથી તેવી અણિમા, લઘિમા આદિ અલૌકિક શારીરિક સિદ્ધિના ગુણો દ્વારા તે અત્યંત ઉપર ઉઠી જાય છે. કહેવાય છે આ વૃષ્ટિ સમયે નાદ અને ધ્વનિ (અભિક્રન્દન અને સ્તનયન) થાય છે. જયારે ઉત્કર્ષ પ્રાપ્ત કરેલ યોગીનું વીર્ય નાનાવિધ દિવ્ય શક્તિઓમાં પરિણત થતાં ખૂબ-ખૂબ ઉપર પહોંચે છે. તેનાથી નીચેના ક્ષેત્રો સુધી વૃષ્ટિનો લાભ પ્રાપ્ત થાય છે. હા, આ તો વ્યષ્ટિ જગતમાં ઉર્ધ્વરેતા હોવાની મહિમા છે. આધિદૈવિક જગતમાં જળ-વીર્ય ઉર્ધ્વગામી બનવાથી વૃષ્ટિ દ્વારા બધા જગતને જીવનદાન મળે છે. આ રીતે આધિભૌતિક જગતમાં અર્થાત્ મનુષ્યસમાજમાં પણ આપણે જોઈ શકીએ છીએ. સમાજપુરુષ પોતાની અંદરના જ્ઞાનને ઉન્નત, ઉર્ધ્વગામી કરવાનો યત્ન કરે છે જેનાથી સમાજમાં ઉત્કૃષ્ટ બ્રહ્મચારી પેદા થાય છે. તે માનો કે સમાજમાં ધર્મમેઘ બને છે, તે સમતામાં રહેનારો સમાજના હૃદયસ્થાને બિરાજે છે. તે બાહ્ય અને માનસવાણીથી ગરજી જયાં જ્ઞાનવૃષ્ટિ કરે છે તેને પ્રથમ સમાજના સાનુ અર્થાત્ ઉન્નત પુરુષ જ ગ્રહણ કરી શકે છે (સામાન્ય જન તો તેની વાતો, ઉપદેશોને સમજી જ શકતો નથી) અને પછી તે દ્વારા આ જ્ઞાન ધીમે-ધીમે સમાજના પ્રત્યેક સામાન્ય વ્યક્તિ સુધી પહોંચી જીવનપ્રદાન કરે છે.

આ રીતે આ વેદમંત્રમાં સમતામાં સ્થિત બ્રહ્મચારીનું વર્ણન છે, જગતરુપી આધિદૈવિક બ્રહ્મચારીનું વર્ણન છે જે અંતરિક્ષમાં ઠરી પૃથ્વી (સ્થૂળ શરીર) ને જીવનયુક્ત કરે છે, વ્યષ્ટિજગતરુપી વૈયક્તિક બ્રહ્મચારીનું વર્ણન છે કે જે હૃદયસ્થ થઈ પોતાના શરીરના અણુએ અણુમાં જીવનવૃષ્ટિ આપે છે અને સમાજપુરુષરુપી આધિભૌતિક બ્રહ્મચારીનું વર્ણન છે કે જે પોતાના હૃદયસ્થાનીય બ્રહ્મચારીઓ દ્વારા પોતાની સામાન્ય જનતા માટે જીવનવર્ષા કરે છે. તો અહીં પોતાનાથી અલગ કોઈ બાહ્ય સ્થાન પર વીર્ય પ્રદાન કરવાનું કયાં વર્ણન છે ? અહીં તો બ્રહ્મચારી, જગતરુપી બ્રહ્મચારી, વૈયક્તિક બ્રહ્મચારી કે સમાજરુપી બ્રહ્મચારી પોતાની જાતને આગળ ને આગળ ફરી ફરી ઉત્પન્ન કરવા માટે પોતાની અંદર જ વીર્યનો વ્યય કરે છે. આથી અંગ્રેજી ભાષામાં આ પ્રક્રિયાને regeneration (પુનઃ ઉત્પત્તિ) નામથી ઓળખે છે. ખરેખર તો આ આભ્યન્તર ઉત્પત્તિ છે અને તેની સાથે ઉર્ધ્વગતિ છે કે જે બ્રહ્મચારીનો સ્વાભાવિક વિકાસ માર્ગ છે. આ આભ્યન્તર ઉત્પત્તિમાં અને આ ઉર્ધ્વગતિમાં બ્રહ્મચારીને જે વધુને વધુ વિસ્તૃત અને વધુ શાંત આનંદ પ્રાપ્ત થતો જાય છે. તે આનંદ (સંસારમાં ગ્રસ્ત પુરુષ માટે આવો આનંદ પ્રાપ્ત કરવો કઠિન પડે છે) ભૌતિક આનંદ (મનુષ્યમાં પશુવૃત્તિના અંશના કારણે) ની અપેક્ષાએ હજાર ગણો, લાખો ગણો વધુ શ્રેષ્ઠ હોય છે. સંસારમાં પડેલા લોકોને એ પણ ખબર નથી હોતી કે આ આભ્યાન્તર ઉત્પત્તિ કેટલી શ્રેષ્ઠ અને ઉચ્ચત્તમ છે ! તેઓ તો બસ બાહ્ય ઉત્પત્તિ અને વીર્યના અધોગમનમાં રચ્યા-પચ્યા રહે છે. સાચી શક્તિ અને સાચું જીવન ઉપરથી થનારી વૃષ્ટિથી પ્રાપ્ત થતી હોય છે. એ વાત પહેલા બતાવવામાં આવી જ છે કે આપણે જેટલા અંશમાં વીર્યને ઉર્ધ્વગામી બનાવીશું એટલા જ અંશમાં દિવ્ય વૃષ્ટિ અને દિવ્ય જીવન પ્રાપ્ત કરી શકીશું. આ નિયમ સાર્વભૌમિક, સાર્વકાલિક છે. અહા! જુઓ આ આધિદૈવિક જગત પોતાની જળવીર્યને ઉર્ધ્વગામી બનાવી વૃષ્ટિ કરી પોતાની પૃથ્વી(શરીર) ને જીવનથી ભરપૂર કરી રહ્યા છે. આ આધિભૌતિક જગત પણ પોતાના બ્રહ્મચારીઓ દ્વારા જ્ઞાનજીવન પામી પ્રફુલ્લતા પ્રાપ્ત કરી રહ્યું છે અને જીવી રહ્યું છે અને આ બ્રહ્મચારી પોતાના વ્યષ્ટિજગતમાં પણ ઉર્ધ્વરેતા હોવાના કારણે ધર્મમેઘ સુધીની વૃષ્ટિને પ્રાપ્ત કરી પોતાની પૃથ્વી અર્થાત્ સ્થૂળ શરીર સુધી અણુ-અણુને દિવ્ય જીવનથી આપ્લાવિત કરી રહ્યા છે. તો હે પ્રાણી ! મનુષ્યજન્મ મેળવી તૂ ઉર્ધ્વરેતા થવાનો યત્ન શા માટે કરતો નથી ? ઉર્ધ્વરેતા બનવું જીવનનું સાર્થક્ય છે. યાદ રાખ, કે જેટલો તૂ વીર્યને ઉર્ધ્વગામી બનાવશે, તેટલો જ તૂ ઉત્કર્ષને પ્રાપ્ત કરશે અને એટલી જ દિવ્ય વૃષ્ટિના કણ તને પ્રાપ્ત થશે, તેનાથી જરાપણ વધુ નહીં.

## ઉપદેશ કથા

## જેવું કરશો તેવું પામશો

પ્રાચીનકાળમાં એક જંગલમાં બે વૃક્ષો હળીમળીને રહેતા હતા. તે જ જંગલમાં સિંહ અને વાઘ પણ મિત્રવત્ રહેતા હતા અને જાનવરોનો શિકાર કરતા હતા. પોતાની ભૂખ મટાડી બચેલ માંસ તથા હાડકાઓ ત્યાં જ છોડી દેતા હતા. તેથી આખા વાતાવરણમાં દુર્ગંધ ફેલાઈ જતી હતી. એક દિવસ એક વૃક્ષે બીજા વૃક્ષને કહ્યું- 'દોસ્ત ! આ જાનવરો પણ મુસીબત છે. તેઓના ભોજનના બચેલ ભાગની દુર્ગંધના કારણે મારે તો શ્વાસ લેવું પણ મુશ્કેલ થઈ ગયું છે.'

'હા, હવે તો ખરેખર રહેવું મુશ્કેલ થઈ ગયું છે'- બીજા વૃક્ષે કહ્યું. 'હું હવે વધુ સહન નહીં કરી શકું. આ જાનવરોને અહીંથી કાઢીને જ જંપીશ'- પહેલા વૃક્ષે ક્રોધિત થઈ કહ્યું. 'ના મિત્ર, આવી બેવકૂફી કદી કરીશ નહિ. આ જંગલી પશુઓ તો આપણી રક્ષા કરે છે.'- બીજા વૃક્ષે સમજાવતા કહ્યું.

'પરંતુ એ તો વિચાર કે આ જાનવરો અહીં ન રહેવાથી હવા કેટલી શુદ્ધ અને સુંદર મળશે. મે તો નિશ્ચય કરી લીધો છે કે પશુઓને અહીંથી ભગાડીને જ જંપીશ' પહેલા વૃક્ષે દૃઢ સ્વરમાં કહ્યું. 'અરે મિત્ર! તું નથી જાણતો કે તું શું કરવા જઈ રહયો છે ? ' બીજા વૃક્ષે તેને ફરીથી સમજાવ્યું. આપ બંને ઘણા તર્ક-વિતર્ક કરતા રહયાં. પછી એક રાત્રે ...

'અહા ! કેટલો તીવ્ર પવન ફૂંકાઈ રહયો છે. આ જ સમય છે જાનવરોને ભગાડવાનો.' પહેલું વૃક્ષ ખૂબ જોરશોરથી હલી ભયંકર અવાજ કરવા લાગ્યું. વૃક્ષ નીચે સૂતેલા બધા જાનવરો ગભરાઈ જાગી ગયાં. 'આ શેનો અવાજ છે ?' -સિંહે ચિત્તાને પૂછયું. 'તે વૃક્ષને જુઓ, કેટલી જોરથી હલી રહયું છે?'

'લાગે છે તે ખૂબ જ ક્રોધિત થઈ ગયું છે. ચાલો જલ્દી ભાગો..જીવ બચાવો અહીંથી' સિંહે કહ્યું. તેથી ચિત્તાએ તુરત તેમાં સંમતિ આપી દીધી. બધા જાનવરો ત્યાંથી ભાગી ગયા. બીજા દિવસે સવારે...'છેવટે મેં જાનવરોથી પીછો છોડાવી જ દીધો. હવે હવામાં કેટલી તાજગી આવી ગઈ છે' -પહેલાં વૃક્ષે કહ્યું. કેટલાય દિવસો સુધી જંગલમાં નીરવતા છવાઈ રહી. અચાનક એક દિવસ વાછરડાનો પીછો કરતો એક ગોવાળ આવી પહોંચ્યો. તે વિચારવા લાગ્યો 'લાગે છે કે અહીં કોઈ વાઘ-સિંહ રહેતા નથી. બીજા જાનવરોના પગના નિશાન પણ જણાતા નથી.'

'ઘરે જઈ તે બીજા દિવસે બીજા મિત્રોને ત્યાં લઈ આવ્યો. એક ગોવાળે કહ્યું -'હા, એમ જ લાગે છે'- બીજા ગોવાળે તે વાતને સમર્થન આપ્યું.'ત્યારે તો આ જમીન આપણા કામની છે'- ત્રીજા ગોવાળે કહ્યું. બીજી બાજુ પેલા બે વૃક્ષો આ બધુ જોઈ-સાંભળી સ્તબ્ધ થઈ ગયાં. 'જોયું તેં, આ મનુષ્યો કેવી યોજના બનાવી રહયાં છે ? મેં તો તને પહેલેથી કહયું હતું કે જંગલી જાનવરોને ન ભગાડો'- બીજા વૃક્ષે પહેલા વૃક્ષને સંબોધી કહ્યું. 'ચિંતા ન કરો.જેવી રીતે પેલા જાનવરોને ભગાડી દીધા હતાં તેવી જ રીતે આ મનુષ્યોને પણ હું એક દિવસ ભગાડી દઈશ.' તેમ કહી પહેલા વૃક્ષે પોતાને પોતાને ખૂબ હલાવ્યું જેથી ભયાનક અવાજ આવવા લાગ્યો. 'આ ભયાનક અવાજ શેનો છે, બાબા ?' એક ગોવાળે વૃદ્ધ ગોવાળને પૂછયું. 'ડરવાનું કોઈ કારણ નથી. જયારે તેજ પવન પાંદડાઓને સ્પર્શી વહે છે ત્યારે આવો જ અવાજ નીકળે છે'- વૃદ્ધ ગોવાળે સમજાવતા કહ્યું. વૃક્ષે ફરીથી એવો જ પ્રયત્ન કર્યો જેથી એક-બે ડાળીઓ તૂટી નીચે પડી. આ જોઈ બધા ગોવાળો ગભરાઈ ગયાં.

'અરે ! ગભરાઓ છો કેમ. એક-બે ડાળી જ તો તૂટી છે. આપણે આ વૃક્ષોને કાપી તેના લાકડાઓ સળગાવવાના કામમાં લઈશું' -વૃદ્ધે બધા ગોવાળોને શાંત કરતા કહ્યું.

થોડા દિવસ પછી ગામલોકોએ જંગલમાં આવી બધા વૃક્ષો કાપી નાંખ્યા. ફકત આ બે જ વૃક્ષો બચ્યાં. ત્યારે એક ગ્રામીણે તે મૂર્ખ વૃક્ષ તરફ ઈશારો કરી કહ્યું કે આને આપણે કાલે કાપીશું. તે રાત્રે બંને વૃક્ષો મળ્યાં. પહેલા વૃક્ષે ઉદાસ મને કહ્યું-'મને બચાવો મિત્ર ! મદદ કરો. તમે સાંભળ્યું ને કે કાલે મને કાપવાના છે'. 'હવે કંઈ થઈ શકે તેમ નથી. કરેલ કર્મનું પરિણામ ભોગવવું જ પડશે.' છેવટે તે મૂર્ખ વૃક્ષને કાપવામાં આવ્યું.

**(શિક્ષા : જેવું કરશો તેવું પામશો. પોતાની દ્રષ્ટિને ટૂંકી ન રાખતાં (તુરંત મળતા લાભને જ ધ્યાને ન લેતાં) હંમેશા અંતિમ પરિણામ વિચારી કામ કરો.)**

**- મહેન્દ્ર ગાંધી**

**ગુજરાતભરની તમામ આર્યસમાજો તથા વૈદિક પ્રચાર સાથે સંલગ્ન સંસ્થાઓને પોતાના સાપ્તાહિક સત્સંગ સહિતના તમામ સમાચારોને ફોટોગ્રાફસ સાથે મોકલી આપવા વિનંતી છે.**

**આપ ઈ-મેઈલના માધ્યમથી પણ સમાચાર મોકલી શકો છો.**

**: કાર્યાલય :**

૭૯૧/ડી/૩, પંચશીલ પાર્ક,

સેક્ટર-૨૧, ગાંધીનગર-૩૮૨૦૨૧.

E-mail : agnipathweekly@gmail.com

# આખરે હડધૂત થઈને સાયમન કમિશનને પાછા જવું પડયું

ભારતની સ્વતંત્રતાના વીર નાયક

## સુભાષચંદ્ર બોઝ

-ચૈતન્ય દેસાઈ (૮)



સ્વજન સમા રાજકીય ગુરુની વિદાય સુભાષબાબુને મોટો આઘાત આપી ગઈ. વજ્રહૃદયી સુભાષ નાના બાળકની જેમ ધ્રુસકેને ધ્રુસકે રડ્યા. માંડલેના જેલવાસમાં તેમનું શરીર ક્ષીણ થવા માંડ્યું. જીર્ણ જ્વરે તેમના શરીરનો કબજો લીધો. એ જ અરસામાં બંગાળમાં ધારાસભાની ચૂંટણી આવી. સુભાષના જીવનમાં ધારાસભાની આ સૌ પ્રથમ ચૂંટણી હતી. ઉમેદવાર જેલમાં અને પ્રચારકો બહાર. એમના નાના ભાઈ શૈલેષ ઉમેદવારી પત્રક લઈને માંડલે આવ્યા. ઉમેદવારે તો માત્ર સહી જ કરવાની હતી. જેલમાંથી ચૂંટણી લડવાની આ કલ્પના જ અભૂતપૂર્વ હતી. પરંતુ સુભાષના હિતેચ્છુઓએ તનતોડ મહેનત કરી. વાસંતીદેવીએ પત્રિકા કાઢી. મા અને વિભાભાભી મળીને પ્રચાર કરતા હતા. કલકત્તાની દિવાલો પર પત્રિકાઓ ચોંટાડવામાં આવી હતી. જેલમાંથી આહ્‌વાન દેનાર ઉમેદવાર ફક્ત દિવાલો પરની પત્રિકામાં જ જોવા મળતા હતા. અને જ્યારે સુભાષ બહુમતીથી વિજયી થયાના સમાચાર આવ્યા ત્યારે વંદે માતરમ્‌ની બુલંદ ઘોષણા જેલમાં ગાજી ઉઠી. પરંતુ વિજયનો આ આનંદ બહુ દિવસ ટક્યો નહિં. સુભાષબાબુની માંદગી વધી. તબિયત વધારે બગડી. બ્રહ્મી જેલ અધિકારીઓ ગભરાઈ ગયા. કલકત્તાથી રંગુન ઉપરાઉપરી તાર-ફોન થવા માંડ્યા. કોઈ પણ અઘટિત બને તો એનું જોખમ લેવા બ્રહ્મી અધિકારીઓ તૈયાર ન હતા. કેદીને તાબામાં લેવા જેલ અધિકારી આવ્યા હતા. પરંતુ સુભાષબાબુના ગળી ગયેલા ગાત્રો અને દુર્બળ દેહ જોઈને એમને તાબામાં લેવાની એની હિંમત રહી નહીં. એણે સુભાષચંદ્રનો ગળી ગયેલો દેહ બોઝ પરિવારને સોંપી દીધો. 'હાથી મર્યો તોય તમારો અને જીવ્યો તોય તમારો' એ ન્યાયે ટેગાર્ટ સહિત તમામ અધિકારીઓએ હાથ ખંખેરી નાંખ્યા. માંડલેના બે વર્ષનો લાંબો જેલવાસ તેમની અગ્નિપરિક્ષા જેવો હતો.

તેમની મુક્તિ બાદ ૧૯૨૬-૨૭ દરમ્યાન યુવક ચળવળનો વ્યવસ્થિત આરંભ થયો. મહાસભાના ઉદ્દામ નેતાઓ સુભાષને સાથ આપવા માંડ્યા આ સમયે દેશની સ્થિતિ બહુ ખરાબ હતી. સ્વરાજ્ય પાર્ટી પહેલાં જેવી મજબૂત રહી ન હતી. હિંદુ-મુસલમાન હુલ્લડો વધી રહ્યા હતા. સમાજવાદી અને સામ્યવાદી વિચારધારાવાળા ભારતમાં સક્રિય બની રહ્યા હતા. ગાંધીજીના નેતૃત્વમાં અખિલ ભારત ચરખા સંઘની સ્થાપના થઈ. આખા દેશમાં તેની શાખાઓ પ્રસરી. કોંગ્રેસના કાર્યકર્તાઓ તેમાં જોડાયાં. હજારો ભૂતપૂર્વ કાર્યકર્તાઓ એક સંગઠનમાં આવી બધા પ્રકારની ચિંતાઓથી મુક્ત બન્યાં. આ એ પ્રશંસનીય વાત હતી.

હિન્દુસ્થાનના ભાવિ બંધારણની ભલામણો માટે ૧૯૨૭માં જહોન સાયમન નામના એક બહુ પ્રસિદ્ધ પણ બદનામ વકીલના નેતૃત્વમાં સાત અંગ્રેજોનું મંડળ ભારત આવ્યું. કમિશનમાં એક પણ ભારતીયને સ્થાન ન મળ્યું. તેથી રાષ્ટ્રભરમાં તેનો વિરોધ થયો. આ કમિશનના બહિષ્કારના સરઘસમાં લાહોરમાં લાલ લજપતરાય નેતૃત્વ કરતાં હતા ત્યારે તેમના ઉપર લાઠીમાર થયો. થોડા સમયમાં જ લાલા લજપતરાયનું લાઠીમારમાં મરણ થયું. બળતાં ઘી હોમાયું. આંદોલનના ઉત્સાહમાં હવે રોષ ભળ્યો. સુભાષ અને જવાહર પ્રાંતે-પ્રાંતે યુવક પરિષદોમાં ઘૂમી રહ્યા હતા. આઝાદીની માંગ બુલંદ બની. સુભાષબાબુના સતત પ્રચાર અને જાગૃત સંપર્કોથી રાષ્ટ્રભરમાં યુવક પ્રવૃત્તિઓ વિકસી અને કામદાર વર્ગમાં સભાનતા આવી. "સાયમન પાછો જા" નો ઘોષ વધુ પ્રચંડ બનતો ચાલ્યો. આખરે હડધૂત થઈને સાયમન કમિશનને પાછા જવું પડયું. વિદ્યાર્થીઓએ આમાં મોટો ભાગ ભજવ્યો. તેમની સામે શિસ્તભંગના પગલાં પણ લેવાયાં. તેમનું સંગઠન જરૂરી બન્યું. સુભાષ અને જવાહરે તે માટે ઘનિષ્ઠ પ્રયાસો કર્યા.

(ક્રમશઃ)

# આપણા બાહ્ય અને આંતરિક સંસાર ભિન્ન-ભિન્ન હોય છે

## આધ્યાત્મિક ચિંતનની પળો

-આચાર્ય સત્યજીતજી અનુ. : વર્ષા દવે (ગાંધીનગર)

પ્રભુની કૃપાથી સંસારમાં આપણને આ વખતે મનુષ્ય શરીર મળ્યું છે. સંસારમાં અનેક પ્રકારના નાના-મોટા, નિમ્ન-ઉચ્ચ સ્તરના શરીર છે. મૂળતઃ આ સંસાર સર્વ આત્માઓ માટે એક જેવો હોવા છતાં પણ શરીર, સાધન, આદિના ભેદને કારણે એક જેવો નથી રહેતો. ગાયોનો સંસાર અલગ છે, કીડીઓનો અલગ છે, માછલીઓ-પક્ષીઓનો અલગ છે, અને મનુષ્યોનો અલગ છે.

જન્મ લેતાં જ આપણે સંસારને સ્પર્શ, શબ્દ, રૂપ આદિ વિષયોના રૂપમાં જાણવા લાગીએ છીએ. સમયની સાથે આપણા સારા-ખરાબ, ખાટા-મીઠા-કડવા અનુભવ બનતા જાય છે અને એનાથી આપણો પોત-પોતાનો એક સંસાર બની જાય છે. આપણો સંપર્ક અને વ્યવહાર જેની સાથે બનતો જાય છે, તેઓ આપણા સંસારમાં જોડાતા જાય છે, જેની સાથે આપણો સંપર્ક અને વ્યવહાર ઓછો થતો જાય છે, તે આપણા સંસારથી બહાર થઈ જાય છે. આપણો પોત-પોતાનો એક અલગ સંસાર છે. આપણા સુખ-દુઃખ, હાનિ-લાભ, હિત-અહિત એમનાથી જોડાયેલાં રહે છે. આ આપણો પોત-પોતાનો બાહ્ય સંસાર છે.

બાહ્ય સંસારથી ભિન્ન આપણો પોત-પોતાનો આંતરિક સંસાર પણ હોય છે. માનસિક સ્તર પર વૈચારિક સ્તર પર, જ્ઞાનના સ્તર પર. આપણા બાહ્ય સંસારમાં પરસ્પર જેટલી ભિન્નતાઓ છે, તેનાથી ઘણી વધારે ભિન્નતાઓ આંતરિક સંસારમાં હોય છે. લગભગ સમાન બાહ્ય-સંસારમાં રહેનાર અને વ્યવહાર કરવાવાળાઓમાં પણ આંતરિક-સંસાર પરસ્પર અતિ ભિન્ન અને નિતાંત વિપરીત હોઈ શકે છે. સૌની અલગ-અલગ વિચાર શક્તિ છે, પોત-પોતાનું જ્ઞાન છે, પોત-પોતાનો દૃષ્ટિકોણ છે, જીવનના લક્ષ્ય પણ ભિન્ન-ભિન્ન છે. આપણે ભિન્ન-ભિન્ન વ્યક્તિઓ અને વસ્તુઓને અન્યોની અપેક્ષા અલગ અલગ દૃષ્ટિથી જોઈએ છીએ. આપણો આ આંતરિક-સંસાર અન્યોથી/બીજાઓથી વિલક્ષણ હોય છે. તેમાં આપણા પૂર્વજન્મના સંસ્કારોની ભિન્નતા પણ કારણ બને છે.

બાહ્ય-સંસાર પણ આપણો પોત-પોતાનો છે, અને આંતરિક-સંસાર પણ આપણો પોત-પોતાનો છે. બાહ્ય સંસારની અપેક્ષા આંતરિક સંસાર અધિક પોતાનો હોય છે, અધિક અંગત હોય છે, વધારે આત્મિય હોય છે, વધારે વ્યક્તિગત હોય છે, આપણને તે વધુ પોતાનો પ્રતિત થાય છે. આપણા બાહ્ય-સંસારને વધુ લોકો જાણે છે, વધુ લોકો પરિચિત હોય છે. આપણાં આંતરિક-સંસારને ઓછા લોકો જાણે છે, ઓછા લોકો તેનાથી પરિચિત હોય છે. બાહ્ય સંસારમાં આપણે ઓછી વસ્તુઓ છુપાવીને રાખીએ છીએ, આંતરિક-સંસારમાં ઘણું બધું છુપાવીને રાખીએ છીએ. અનેક વાતોની બીજાઓને/અન્યોને ખબર પણ નથી પડવા દેતાં.

આપણા બાહ્ય અને આંતરિક સંસાર ભિન્ન-ભિન્ન હોય છે, પરંતુ એ એકબીજાને પ્રભાવિત કરતાં રહે છે. તે એકબીજાને બહુ પ્રભાવિત કરે છે, ક્યારેક-ક્યારેક તો એટલા પ્રભાવિત કરી દે છે કે તેના દુષ્પ્રભાવને રોકવો આપણને અસંભવ પ્રતીત થાય છે. આપણા બાહ્ય સંસારને અન્ય વ્યક્તિ-વસ્તુ-પરિસ્થિતિ વધુ પ્રભાવિત કરે છે, તેના પર આપણું નિયંત્રણ અપેક્ષા કરતાં ઓછું રહે છે. આપણા આંતરિક-સંસારને અન્ય વ્યક્તિ-વસ્તુ-પરિસ્થિતિ બાહ્ય-સંસારની અપેક્ષાએ ઓછા પ્રભાવિત કરે છે, તેમાં અન્યનો હસ્તક્ષેપ દખલ ઓછા રહે છે.

પ્રભુની કૃપા છે કે આપણો બાહ્ય-સંસાર જે પણ હોય, જેવો પણ હોય, ફરીથી આપણે આપણાં આંતરિક-સંસારને ભિન્ન રૂપમાં રાખી શકીએ છીએ. બાહ્ય-સંસારને બદલવામાં આપણી સ્વતંત્રતા બહુ ઓછી છે. જ્યારે આંતરિક સંસારને બદલાવમાં આપણી સ્વતંત્રતા ઘણી વધારે છે. પ્રભુ-કૃપાથી આપણે યોગ-સાધના દ્વારા બાહ્ય-સંસારથી નિરપેક્ષ, સ્વતંત્ર્ય, એક બિલકુલ નવો આંતરિક-સંસાર રચી શકીએ છીએ. એવો આંતરિક સંસાર જેમાં બધું જ આપણી ઈચ્છા અનુસાર હોય, જેટલો અને જેવો પવિત્ર બનાવવા ઈચ્છીએ બનાવી શકીએ છીએ. અન્યનો અનાવશ્યક કે અનઅધિકૃત હસ્તક્ષેપથી બહુ દૂર, બાહ્ય સંસારની દુર્વસ્યા, ગંદકી, અશાંતિથી બહુ દૂર એક સુવ્યવસ્થિત, શુદ્ધ અને શાંત સંસાર બનાવીને તેમાં રહી શકીએ છીએ.

આંતરિક સંસાર એક ભિન્ન સંસાર છે. યોગ-સાધનાથી રહિત વ્યક્તિઓનો આ આંતરિક સંસાર એમના માટે અત્યંત દુઃખ-અડચણ-સમસ્યા અને પતનનું કારણ બની જાય છે પ્રભુભક્ત યોગ-સાધકોનો આંતરિક સંસાર એમના માટે અત્યંત સુખ-અનુકૂળતા-શાંતિ-સમાધાન અને ઉન્નતિનો આધાર બની જાય છે. પ્રભુની કૃપા સદાય સાથે રહે છે. આપણે આપણો નવો આંતરિક-સંસાર બનાવવાનો છે, ત્યાં જ આત્મ-દર્શન અને પ્રભુ-દર્શન પણ થશે.

# स पर्यगाच्छुक्रमकायमव्रणमस्नाविरर्थं शुद्धमपापविद्धम्।
# कविर्मनीषी परिभूः स्वयम्भूर्याथातथ्यतोऽर्थान्व्यदधाच्छाश्वतीभ्यः समाभ्यः।।

(यजु ४०/८)

## ऋषि दयानंद वेद-पदार्थ, भावार्थ, व्याख्यान प्रदिप

૩૩ સંકલન : સ્વામી ધ્રુવદેવજી પરિવ્રાજક
ઉપાધ્યાય, દર્શન યોગ મહાવિદ્યાલય, રોજડ

**व्याख्यान :-** (**स पर्यगात्**) वह परमात्मा आकाश के समान सब जगह में परिपूर्ण (व्यापक) है, उसकी व्याप्ति से एक परमाणु भी रहित नहीं है (**शुक्रम्**) सब जगत् का करने वाला, शीघ्रकारी व अनन्त विद्यादि बल से युक्त है (**अकायम्**) जो स्थूल, सूक्ष्म और कारण इन तीनों शरीरों के संयोग से रहित है अर्थात् वह कभी शरीर (**अवतार**) नहीं धारण करता क्योंकि वह अखण्ड, अनन्त और निर्विकार है (**अव्रणम्**) वह छिद्ररहित है, तथा जिसमें एक परमाणु भी छिद्र नहीं कर सकता अतः वह अखण्ड, एकरस, अच्छेद्य, अभेद्य, निष्कम्प व अचल है तथा उसमें अंशाशी भाव भी नहीं (**अस्नाविरम्**) अतिसूक्ष्म होने से ईश्वर का कोई आवरण नहीं हो सकता अतः वह नाड़ियों के बन्धन से अलग है, जैसे वायु और रुधिर नाड़ियों में बंधा रहता है, ऐसा बन्धन परमेश्वर में नहीं होता (**शुद्धम्**) वह परमात्मा सदैव पवित्र या निर्मल अविद्या, अज्ञान, जन्म, मरण, हर्ष, शोक, क्षुधा, तृषादि दोष-उपाधियों से रहित है। शुद्ध की उपासना करने वाला शुद्ध ही होता है और मलिन का उपासक मलिन ही होता है। (**अपापविद्धम्**) वह ईश्वर पापयुक्त, पाप करने वाला व पाप में प्रीति करने वाला कभी नहीं होता क्योंकि वह स्वभाव से धर्मात्मा है, (**कविः**) जो सबको जानने वाला है अर्थात् त्रैकालज्ञ है, भूत, भविष्यत् तथा वर्तमान इन तीनों कालों के व्यवहारों को यथावत् जानता है। महाविद्वान् है कि जिसकी विद्या का अन्त कोई भी नहीं ले सकता (**मनीषी**) सब जीवों के मन की वृत्तियों को जानने वाला है, सबके मन का दमन करने वाला है या सबका अन्तर्यामी है (**परिभूः**) जो सबके ऊपर विराजमान हो रहा है व दुष्ट पापियों का तिरस्कार करने वाला है (**स्वयंम्भूः**) जो अनादिस्वरूप है, जिसकी संयोग से उत्पत्ति व वियोग से विनाश, माता, पिता, गर्भवास, जन्म, वृद्धि व मरण नहीं होते, जिसका आदि कारण, उत्पादक कोई नहीं किन्तु वही सबका आदिकारण, माता, पिता है और अपने सामर्थ्य से सदा वर्तमान रहता है वह परमात्मा (**शाश्वतीभ्यः**) सनातन अनादिस्वरूप अपने स्वरूप से उत्पत्ति और विनाशरहित (**समाभ्यः**) अपनी प्रजाओं के सब सुखों के लिये जो कि उसके सामर्थ्य में सदा वर्तमान है (**याथातथ्यतः**) यथार्थभाव से या यथावत् (**अर्थान् व्यदधात्**) सत्यविद्या जो चार वेद उनका उपदेश किया है अथवा वेद द्वारा सब पदार्थों को विशेषकर बनाया है। इसी प्रकार परमेश्वर जब-जब सृष्टि को रचता है, तब-तब प्रजा के हित के लिये सृष्टि के आदि में सब विद्याओं से युक्त वेदों का उपदेश करता है, और जब-जब सृष्टि का प्रलय होता है, तब-तब वेद उसके ज्ञान में सदा बने रहते हैं। (**सः**) वही परमेश्वर तुम लोगों को उपासना करने के योग्य है।

(आर्याभिविनय + ऋ.भा.भूमिका + ऋ.दया.कृत वेदभाष्य)

**भावार्थ :-** हे मनुष्यों ! जो अनन्तशक्तियुक्त, अजन्मा, निरन्तर, सदामुक्त, न्यायकारी, निर्मल, सर्वज्ञ, सब का साक्षी, नियन्ता, अनादिस्वरूप ब्रह्म कल्प के आरम्भ में जीवों को अपने कहे वेदों से शब्द, अर्थ और उनके सम्बन्ध को जनाने वाली विद्या का उपदेश न करे तो कोई विद्वान् न होवे और न धर्म, अर्थ, काम और मोक्ष के फलों को भोगने को समर्थ हो, इसलिये इसी ब्रह्म की सदैव उपासना करो।

(ऋ.दया. कृत यजुर्वेदभाष्य)

**टिप्पणी :-** (क) प्रस्तुत मन्त्र में कहा गया है कि ईश्वर कभी शरीर धारण नहीं करता। इसलिये रामचन्द्र जी, कृष्ण जी आदि भी ईश्वर नहीं थे क्योंकि वे शरीरधारी थे अपितु वे महापुरुष थे। उन्होंने श्रेष्ठ कार्य किए थे इसलिये आज भी उनको याद किया जाता है ।

प्रश्न :- जब परमेश्वर के श्रोत्र नेत्रादि इंद्रियाँ नहीं है फिर वह इंद्रियों के काम कैसे कर सकता है ?

उत्तर :- अपाणिपादो जवनो ग्रहीता पश्यत्यचक्षुः स शृणोत्यकर्णः।

स वेत्ति विश्वं न च तस्यास्ति वेत्ता तमाहुरग्र्यं पुरुषं पुराणम्।

यह उपनिषद् का वचन है। परमेश्वर के हाथ नहीं परन्तु अपनी शक्तिरूप हाथ से सबका रचन ग्रहण करता। पग नहीं परन्तु व्यापक होने से सबसे अधिक वेगवान्, चक्षु का गोलक नहीं परन्तु सबको यथावत् देखता, श्रोत्र नहीं तथापि सब की बातें सुनता, अन्तःकरण नहीं परन्तु सब जगत् को जानता है और उसको पूर्णरूप से जानने वाला कोई भी नहीं। उसी को सनातन, सबसे श्रेष्ठ सबमें पूर्ण होने से पुरुष कहते हैं। वह इन्द्रियों व अन्तःकरण के बिना अपने अपने सब काम अपने सामर्थ्य से करता है।

प्रश्न :- यदि ईश्वर शरीर धारण न करें तो कंस, रावणादि दुष्टों का नाश कैसे हो सके ?

उत्तर :- प्रथम, तो जो पैदा हुआ है वह अवश्य मृत्यु को प्राप्त होगा समय आने पर।

दूसरा, जो ईश्वर शरीर धारण किये बिना जगत् की उत्पत्ति स्थिति प्रलय करता है उसके सामने कंस व रावणादि एक कीड़ी के समान भी नहीं हैं। वह सर्वव्यापक होने से कंस रावणादि के शरीर में भी परिपूर्ण हो रहा है। जब चाहे उसी समय मर्मच्छेदन कर नाश कर सकता है।

युक्ति से भी ईश्वर का शरीर धारण सिद्ध नहीं होता। जैसे कोई अनन्त आकाश को कहे की गर्भ में आया वा मुट्ठी में धर लिया, ऐसा कहना कभी सच्च नहीं हो सकता। क्योंकि आकाश अनन्त व सबमें व्यापक है। इससे न आकाश बाहर आता और न भीतर जाता, वैसे ही अनन्त सर्वव्यापक परमात्मा के होने से उसका आना जाना कभी सिद्ध नहीं हो सकता। जाना व आना वहाँ हो सकता है जहाँ न हो। क्या परमेश्वर गर्भ में व्यापक नहीं था जो कहीं से आया ? और बाहर नहीं था जो भीतर से निकला इसलिये परमेश्वर का जाना-आना जन्म-मरण कभी सिद्ध नहीं हो सकता। इसलिये 'ईसा' आदि भी ईश्वर के अवतार नहीं ऐसा समझ लेना। अपितु राग, द्वेष, क्षुधा, तृषा, भय, शोक, दुःख, सुख, जन्म, मरणादि गुणयुक्त होने से मनुष्य थे।

प्रश्न :- यदि ईश्वर शरीर धारण न करे तो वेदविद्या का उपदेश बिना मुख के वर्णोच्चारण कैसे हो सकेगा ? क्योंकि वर्णों के उच्चारण में ताल्वादि स्थान, जिह्वा का प्रयत्न अवश्य होना चाहिये ?

उत्तर :-परमेश्वर के सर्वशक्तिमान् और सर्वव्यापक होने से जीवों को अपनी व्याप्ति से वेदविद्या के उपदेश करने में कुछ भी मुखादि की अपेक्षा नहीं। क्योंकि मुख, जिह्वा से वर्णोच्चारण अपने से भिन्न को बोध होने के लिए किया जाता है मुख, जिह्वा के व्यापार करे बिना ही मन में अनेक व्यवहारों का विचार और शब्दोच्चारण होता रहता है। कानों को अंगुलियों से मूँद कर देखो, सुनो, कि बिना मुख, जिह्वा ताल्वादि स्थानों के कैसे कैसे शब्द हो रहे हैं। वैसे ईश्वर ने अग्नि, वायु, आदित्य अंगिरा जीवों को सृष्टि के प्रारम्भ में अन्तर्यामीरूप से वेद का उपदेश किया अर्थात् उनके ज्ञान में वेद प्रकाशित किये। फिर उन्होंने अपने मुख से उच्चारण कर दूसरों को सुनाया।

(ક્રમશઃ)


अस्माकं वीरा उत्तरे भवन्तु

# અગ્નિપથ

- સાંપ્રત ઘટનાઓનું આદર્શ દૃષ્ટિકોણથી વિવેચન.
- વૈદિક સાહિત્યના ગહન સિદ્ધાંતોનું સરળ પ્રસ્તુતિકરણ.
- વેદ-દર્શન-ઉપનિષદ જેવા આધ્યાત્મિક ગ્રન્થોમાં નિહિત જ્ઞાનની સરળ પ્રસ્તુતિ.
- બાળકો માટે ઉપદેશ કથા.
- સ્વાસ્થ્ય સંબંધિત જાણકારી.
- વૈદિક વિદ્વાનોના ચિંતનાત્મક લેખો.
- ગુજરાતના આર્યસમાજોના કાર્યક્રમોના સમાચારો.
- રાષ્ટ્રિય અને સાંસ્કૃતિક ગૌરવના ભાવ ભરતું એકમાત્ર ક્રાંતિકારી સાપ્તાહિક.

**વાર્ષિક શુભેચ્છક લવાજમ : રૂા. ૨૦૦/-**
**આજીવન લવાજમ રૂા. ૨૦૦૦/-**

: કાર્યાલય :
૭૯૧/ડી/૩, પંચશીલ પાર્ક, સેક્ટર-૨૧,
ગાંધીનગર-૩૮૨૦૨૪. ફોન - (૦૭૯) ૨૩૨૧૦૦૭૧
E-mail : agnipathgnr@gmail.com

અગ્નિપથ કાર્યાલયને પત્ર અથવા ઈ-મેલથી જાણ કરી આપ લવાજમ બેંકમાં જમા કરાવી શકો છો.
AGNIPATH A/c No. 24640200000387
Bank of Baroda, Vidhansabha Branch, Gandhinagar.

# વિત્તેષણાનો ત્યાગ કરવો કંઈક સહેલો છે પણ લોકેષણાનો ત્યાગ તો વિરલ છે પરંતુ એમાંય એ નિસ્પૃહી રહ્યા છે !

## શ્રદ્ધેય પં. મયાશંકરજી દર્શનાચાર્ય (ભાગ-૨)

- શ્રી ઈશ્વર પેટલીકર

બ્રહ્મવેત્તાની મુખ્ય કસોટી સંસારના અધ્રુવ પદાર્થોમાં આસક્ત થઇ ધ્રુવઆત્માના અમરત્વ પદાર્થ - આત્મજ્ઞાનને એ ભૂલતો નથી. ધ્રુવમાં જ એ રત રહે છે, ત્રણ એષણાઓથી એ વિરક્ત રહે છે - પુત્રેષણા, વિત્તેષણા અને લોકેષણા. મયાશંકરજીને પુત્ર નથી અને એ એષણા એમને રહી ગઇ હોય તેવું ક્યારેય દેખાયું નથી, વિત્તેષણા એમને સતાવતી હોય તો આર્યસમાજના પંડિત તરીકે એમણે જે જિંદગી વિતાવી તેમાંથી એ ક્યારનાય ચલિત થઇ, સામેથી આવીને મળતું રાજપીપળા સ્ટેટનું 'રાજગુરૂ' પદ સ્વીકાર્યું હોત ! સામાન્ય વ્યવહારમાં એવું બને છે કે માણસને એની જગામાં ક્રમશઃ બઢતી મળે છે આપોઆપ પગાર વધતો જાય છે. મયાશંકરજીની બાબતમાં એથી ઉલટું બન્યું, એમનો પગાર સંસ્થાની આર્થિક સ્થિતિ ઉત્તરોત્તર નબળી પડતી ગઇ તેમ તેમ ઘટતો ગયો ! એમણે તે કાપ સ્વેચ્છાએ સ્વીકાર્યો અને આર્થિક સ્થિતિ સુધરે તેવી સારી તક સામેથી આવી તો પણ ગરીબાઈમાં એમણે ગૌરવ માની ગરીબાઈને ગૌરવાન્વતિ કરી!

દેવલાલી, નાશિક, માલાડ, સાન્તાક્રુઝ, વરસોવા, અંધેરી, શુક્લતીર્થ અને આણંદ તથા ઘાટકોપર એમ ગુરૂકુળનું સ્થળાંતર થતું રહ્યું અને પહેલેથી એના આચાર્ય બનેલા મયાશંકરજી ઠેઠ સુધી એના નબળી આર્થિક હાલતમાંયે કામ કરતા રહ્યા. ઉપર જણાવ્યા મુજબ શુક્લતીર્થ હતા ત્યારે રાજપીપળાના રાજવી તરફથી રાજગુરૂના પદ માટે આમંત્રણ આવ્યું. માાસિક ૨૫૦ નો પગાર, બંગલો અને નોકરચાકર ! પરંતુ આચાર્યનો રૂા. ૧૨૫ નો અનિયમિત મળતો પગાર છોડીને એઓ ત્યાં ન ગયા!!' ૪૨માં આણંદમાં ગુરૂકુળ બંધ થયું ત્યારે એમણે નિવૃત્તિ સ્વીકારી, પણ મુંબઇમાં રહેવાની માગણીનો એમના પરમપ્રિય શિષ્ય શ્રી સત્યવ્રતજી સ્નાતકનો આગ્રહ પણ એમણે માન્ય ન રાખ્યો !

વિત્તેષણાનો ત્યાગ કરવો કંઈક સહેલો છે પણ લોકેષણાનો ત્યાગ તો વિરલ છે. પરંતુ એમાંય એ નિસ્પૃહી રહ્યા છે ! સંસ્કૃતના વિદ્વાન અને દર્શનશાસ્ત્રોના પ્રખર અભ્યાસી હોવા છતાં આર્યસમાજની દુનિયા પણ એમને ઓછા જ જાણે છે. એમની વિદ્વત્તાને ઓળખવાનો મારો કોઇ અધિકાર નથી, પરંતુ એમના શિષ્યો એમના પ્રત્યે જે પૂજ્યભાવ સેવે છે અને એમને માર્ગદર્શન ના અધિકારી ગણે છે તે ઉપરથી એમની મેધાનો અણસાર મળે છે. સંસ્કૃતના વિદ્વાન અને પ્રાધ્યાપક ડૉ. જિતેન્દ્ર જેટલી બનારસના ન્યાયાચાર્ય છે અને મુંબઇ યુનિ. ના એમ.એ. છે. એમણે પીએચ.ડી. માટે થીસીસ લખવાનું નક્કી કર્યું ત્યારે માર્ગદર્શન માટે મયાશંકરજીને સ્વીકાર્યા અને યુનિ.ને એ મોકલતાં પહેલાં મયાશંકરજી પાસે એની કસોટી કરાવી ! ગુરૂપૂર્ણિમાના અરસામાં એ ગુરૂના આશીર્વાદ લેવા પણ પ્રાયઃ આવતા હોય છે.

સ્નાતક શ્રી સત્યવ્રતજી પણ સંસ્કૃતના અભ્યાસી છે. એમના પ્રત્યે સ્નાતકનો ગુરૂભાવ પિતાતુલ્ય છે. એ પોતે પણ સારા લેખક છે. મયાશંકરજીની મેધાને અંજલિ આપતાં એ કહે છે, 'ભારતભરના દાર્શનિક વિદ્વાનોમાં થોડા જ વિદ્વાનો ષડ્દર્શનના પંડિતો હોય છે. તેમાંય થોડા જ સાથે વૈયાકરણ પણ હોય છે. તેમાંયે થોડામાં જ કાવ્યપ્રતિભા સ્ફુરે છે. એ રીતે આચાર્ય મયાશંકરજી એક સમર્થ વૈયાકરણ હોવા ઉપરાંત ષડ્દર્શનાચાર્ય અને સરસ કવિ પણ છે ! આર્યસમાજમાં તો તેઓ અગ્રસ્થાને છે જ પણ ગુજરાતી આલમમાંયે તેઓ એક અને અદ્વિતીય વિદ્યમાન છે ! મહર્ષિ દયાનંદના સત્યાર્થપ્રકાશ, સંસ્કારવિધિ આદિ ગ્રંથોના અનુવાદક અને ન્યાય, વૈશેષિક, સાંખ્ય, મીમાંસા અને વેદાંત એ દર્શનોના અનુપમ સ્વતંત્ર ભાષ્યકાર પણ છે. (ક્રમશઃ)




## वानप्रस्थ साधक आश्रम

Vaanprasth Saadhak Aashram

( साधना, स्वाध्याय, सेवा तथा वैदिक विद्वान, वानप्रस्थियों एवं संन्यासियों के निर्माण हेतु भव्य परियोजना )

आर्य वन, रोजड़, पत्रा. : सागपुर, जि. साबरकांठा-३८३ ३०७, गुजरात, भारत

Aaryavan, Rojad, Po. : Sagapur, Dist. : Sabarkantha-383 307, Gujarat, India

दिनांक : २७/०४/२०१४

### उपनिषद् तथा वेदान्त दर्शन अध्ययन का स्वर्णिम अवसर

अध्यात्म जगत् में उपनिषद् एवं वेदान्तदर्शन ग्रन्थ का महत्वपूर्ण स्थान है। उप = समीप, नि = निश्चय से, षद् = बैठना। उपनिषद् का अर्थ हुआ आत्मा परमात्मा के समीप बैठने = जानने की विद्या। प्रत्येक उपनिषद् में आत्मा-परमात्मा के विषय में विशेष चर्चा के साथ-साथ मनुष्य जीवन का लक्ष्य, उद्देश्य, उस लक्ष्य की प्राप्ति के उपाय, विधि-विधान, साधक-बाधकों की विस्तृत चर्चा, योगी के लक्षण (आचरण) अध्यात्म-साधना (योगाभ्यास) का महान् लाभ अध्यात्म रहित का परिणाम आदि का वर्णन है, जिसको पढ़कर अध्यात्म पिपासु आनन्द से गद्गद हो जाता है।

वैसे ही वेदान्तदर्शन में ब्रह्म (परमात्मा) का महत्व तथा उसके विशेष नाम व गुणों की व्याख्या के साथ-साथ मोक्ष का महत्व व विवरण है। वेदान्त (वेद + अन्त) वेदों का सार कहा जाता है।

वानप्रस्थ साधक आश्रम, आर्यवन, रोजड़ में पिछले एक वर्ष से शिक्षा अष्टाध्यायी, व्याकरण आदि वेदाङ्ग एवं योगदर्शन, न्यायदर्शन आदि उपाङ्गों का अध्ययन-अध्यापन ऋषि प्रणाली से चल रहे हैं। इसी शृंखला में आध्यात्मिक उन्नति का अनुपम तथा साधना के रहस्यमय ग्रन्थ ग्यारह उपनिषद् एवं तत्पश्चात् सम्पूर्ण वेदान्तदर्शन (ब्रह्मसूत्र) का ऋषि पद्धति से वेदानुकूल व्याख्या सहित नियमितरूप से स्वामी मुक्तानन्द परिव्राजक (व्याकरणाचार्य, दर्शनाचार्य) द्वारा वानप्रस्थ साधक आश्रम में आगामी आषाढ पूर्णिमा (१२ जुलाई २०१४) से अध्यापन कराया जाएगा।

इन ११ उपनिषदों व वेदान्तदर्शन अध्ययन में लगभग ८-९ मास लगेंगे। इसके साथ-साथ प्रतिदिन सन्ध्या, हवन, आत्मनिरीक्षण, समय-समय पर अनेक मूर्द्धन्य विद्वानों के दार्शनिक प्रवचन एवं योगनिष्ठ गुरुवर्य पूज्य स्वामी सत्यपति जी का सान्निध्य, प्रेरणा व उपदेश भी प्राप्त होगा। संस्कृत से अनभिज्ञ विद्यार्थियों को साथ-साथ संस्कृत पढ़ाने की व्यवस्था भी रहेगी। अधिकतम दश (प्रथम आवेदन के आधार पर) विद्यार्थियों को अवसर प्राप्त होगा। गुरुकुलीय दिनचर्या, पूर्ण अनुशासन, योगाभ्यास व आध्यात्मिक ग्रन्थ अध्ययन में रुचि रखने वाले विद्यार्थी अपना पूर्ण परिचय, नाम, आयु, पता, दूरभाष संख्या, शैक्षणिक योग्यता आदि **vaanaprastharojad@gmail.com** पर ३० जून तक भेजें अथवा व्यवस्थापक, वानप्रस्थ साधक आश्रम, आर्यवन, रोजड़, पो.सागपुर, जि.साबरकांठा, गुजरात-३८३३०७ पर पत्रव्यवहार करें। सायं ०७:३० से ०८:०० बजे **+91 94 26 408026** में सम्पर्क करें।

व्यवस्थापक
वानप्रस्थ साधक आश्रम
आर्यवन, रोजड़, गुजरात.

TEL : +91(02770) 287417, 291496, 291555, 291717 • EMAIL : vaanaprastharojad@gmail.com • WEBSITE : www.vaanaprastharojad.org

સ્થાન સૌજન્ય : સર્વોદય સેવા સંસ્થાન

# મનુષ્યનો એટલો અભ્યાસ હોવો જોઈએ કે તે સમસ્ત કાર્યોને કરતો રહીને પણ ઈશ્વર સાથે સતત સંબંધ રાખી શકે

## સત્યોપદેશ - ૨

ઉપદેશક - સ્વામી સત્યપતિજી
અનુ.- જયાબેન પોરિયા (યુકે)
૦૪



૨૭ જેવી રીતે ઈશ્વરના બધા ગુણ એક સ્થાને હોય છે તેવી જી રીતે બીજાં તમામ સ્થાનોમાં પણ હોય છે, તેમજ એકદેશી જીવાત્માના બધા સ્વાભાવિક ગુણ એક સ્થાન પર હોય છે.

૨૮. જીવાત્માના જ્ઞાન, બળ, ઈચ્છા, પ્રયત્ન વગેરે સ્વાભાવિક ગુણો છે પરંતુ ઈશ્વરની સહાયતા વિના અને ઈશ્વરે આપેલાસાધનો વિના આ ગુણો નિષ્ક્રિય રહે છે.

૨૯. પ્રત્યેક જીવાત્માની એ ઈચ્છા હોય છે કે હું સુખી રહું, સદા મનુષ્યજીવન પ્રાપ્ત કરું. આ બધું વિચારવું તે પણ ઈશ્વરે આપેલા સાધનોથી બની શકે છે.

૩૦. પ્રત્યેક જીવાત્માઓ મળીને પોતપોતાના કેવળ જ્ઞાન અને બીજાં સામર્થ્યથી એક તલનો દાણો પણ બનાવી શકતા નથી. કોઈ જીવાત્મા ન કોઈનું પાલન કરી શકે કે ન કોઈનો વિનાશ કરી શકે તેમ છે. જીવનું સ્વયંનું તો એટલું પણ જ્ઞાન નથી કે જેનાથી પોતાનું અસ્તિત્વ જાણી શકે. અને એટલું બળ પણ નથી કે જેથી પડખું પણ ફરી શકે. તે ઈશ્વર-પ્રદત્ત શરી વગેરે સાધનો અને અંતઃકરણથી સઘળાં કાર્યો કરે છે. પ્રકૃતિ જડ હોવાથી સ્વયં કંઈ જ કરી શકતી નથી. તેમ હોવા છતાં આ જે વિશાળ સૃષ્ટિ છે તે બુદ્ધિપૂર્વક બની છે. કર્તા વિના પોતાની મેળે સુષ્ટિ કેવી રીતે બની શકે તેમ છે ? તેથી તેને બનાવનાર કોઈને કોઈ સર્વજ્ઞ, સર્વવ્યાપક, સર્વશક્તિમાન, ન્યાયકારીકર્તા અવશ્ય માનવા જ પડશે. તેમાં શંકા રહે તો પોતાને મૂર્ખ માનીને પોતાની વાતને ઠુકરાવી દેવી જોઈએ.

૩૧. ઈશ્વર, જીવ, પ્રકૃતિ- આ ત્રણમાં જે વ્યાપ્ય-વ્યાપક સંબંધ છે તેનાથી ત્રણેય એક સ્થાન પર રહી શકે છે, એક બીજામાં ભળતા નથી. ઈશ્વર આ બંન્મા અંદર અને બહાર છે. કોઈ પણ સ્થાન તેનાથી ખાલી નથી. એવા ઈશ્વર સૃષ્ટિનું નિર્માણ કરે છે, જીવોને પ્રકૃતિનું સુખ-દુઃખ પણ ભોવવાવે છે અને પોતાનો મોક્ષનો આનંદ પણ તે જ આપે છે. કેવો વિચિત્ર પદાર્થ છે ? તેને ફક્ત શાબ્દિકરૂપમાં જ જાણીને સંતુષ્ટ થવાનું નથી પરંતુ તેને આચરણમાં લાવવાનું છે, ત્યારે આ યોગમાર્ગ પર સ્થિર રહી શકીશું.

૩૨. પ્રત્યેક કાર્યને કરતી વખતે મનુષ્ય ઈશ્વરની, જીવની અથવા તો કોઈ જડ પદાર્થની ઉપાસના કરતો રહે છે. એમાંથી ઈશ્વરની ઉપાસના કરવી તે બધાથી ઉત્તમ છે. જ્યાં સુધી મનુષ્ય ઈશ્વરની ઉપાસના, ઈશ્વર પ્રણિધાનમાં રહેશે ત્યાં સુધી ખરાબ વિચારો, પરિતાપથી બચેલો રહેશે. ધીરે ધીરે તેના ખરાબ સંસ્કાર પણ ક્ષીણ થઈ જશે. તેથી કોઈ પણ સ્થૂળ કાર્ય કરતી વખતે મનને ખુલ્લું છોડો નહીં. સમસ્ત સ્થૂળ કાર્ય કરતી વખતે મનુષ્ય માનસિક રૂપથી ઈશ્વર સાથે જોડાઈ શકે છે, તેથી તેને યોગ, સિદ્ધાંત-વિચાર, ભાષા, વ્યવહાર વગેરે વિષયોની તલાશમાં સંયુક્ત રાખો, નહિં રાખો તો એ જ મન અનર્થનું કારણ બની જશે.

૩૩. જે મનુષ્ય પંરતિદિન હરેક ક્ષણ ઈશ્વર સાથે જોડાઈને રહે છ, તે એટલો સાવધાન રહે છે કે મારમાં ક્યાંય કોઈ ત્રુટી રહેવા ન પામે, મારાં કારણે કોઈને કોઈ દુઃખ થવા ન પામે. આ પ્રકારે તેના સર્વ ક્રિયા વ્યવહાર અલગ જ થઈ જાય છે. તે મૌન અને ગંભીર રહીને મનમાં કોઈ પણ પ્રકારનો વિકાર ઉત્પન્ન થવા દેતો નથી. એક વાર જે સત્ય વાત બતાવવામાં આવે તેને તે સ્વીકાર કરી આચરણમાં લાવે છે, આ જ વાસ્તવિક જીવન છે.

૩૪. એવું જોવામાં આવે છે કે ઈશ્વરની ઉપાસના કરતી વખતે જે જ્ઞાન, માન્યતાઓ વિદ્યમાન હોય છે, તે ઈશ્વરને છોડી સંસારની ઉપાસનામા લાગી જવાથી તરત જ લુપ્ત થઈ જાય છે.

૩૫. જ્યાં સુધી મનુષ્ય ઈશ્વર સાથે જોડાઈને રહે છે ત્યાં સુધી પ્રાકૃતિક ગુણો, સત્વ-રજ-તમના પ્રભાવથી બચી જાય છે, કારણ કે ઈશ્વરના સાનિધ્યથી જે નવું નવું જ્ઞાન અને વાસ્તવિક સુખ મળે છે તે પ્રાકૃતિક સુખથી ઘણું જ ઉત્તમ હોય છે તેથી તે પ્રાકૃતિક સુખને ઈચ્છતો નથી.

૩૬. સંસારની કોઈપણ વસ્તુ પછી ભલે તે ચક્રવર્તી સામ્રાજ્ય પણ કેમ ન હોય, તેમાં એટલું સુખ નથી, જેટલું કે ઈશ્વરોપાસનામાં છે, પરંતુ મનુષ્ય તેને જાણતો નથી, માનતો નથી તેથી દુઃખી, વ્યથિત રહે છે. ઈશ્વરોપાસનાનાં જે વિધિ-વિધાન છે તેને પણ જાણવા જોઈએ, જેમ કે ક્યા ઈશ્વરની, કેવી રીતે ઉપાસના કરવી જોઈએ ! આ જાણે છે તે જ વાસ્તવિક ઉપાસના કરી શકે છે અન્યથા અજ્ઞાન-અંધકારમાં ભટકતા રહેશે.

૩૭. મનુષ્યનો એટલો અભ્યાસ હોવો જોઈએ કે તે સમસ્ત કાર્યોને કરતો રહીને પણ ઈશ્વર સાથે સતત સંબંધ રાખી શકે.

૩૮. ઈશ્વર-સમર્પણ કરવા માટ પ્રત્યેક ક્ષણે અત્યુત પુરુષાર્થ, તપ, મન-ઈન્દ્રિયો પર સંયમ વગેરે રાખવા પડે છે. (ક્રમશઃ)

# સુખનું સરનામું

## ચંદ્રેશ ચિંતન



(3)- ચંદ્રેશ આર્ય, ગાંધીધામ

**અંજલીભર પ્રેમ મનુષ્યને જીવન સાગરમાં તારવા પર્યાપ્ત છે. મુઠ્ઠીભર વિશ્વાસ મનુષ્યને એકબીજા સાથે બાંધી રાખવા પર્યાપ્ત છે.**

ભૌતિકવાદની ભુખે મનુષ્ય-મનુષ્ય વચ્ચેના પ્રેમ અને વિશ્વરસને તો વહેલા જ વેંચી નાખ્યા છે. પ્રેમની પરબો અને વિશ્વાસના વહાણો તો ખાલીખમ થતાં જાય છે ત્યારે પ્રેમ અને વિશ્વાસના આ બે મુખ્ય રાસાયણિક તત્વો વગર માનવ જીવન યાત્રા દિવસે ને દિવસે વધુ નિરસ્ત અને નકામી બનતી જાય છે માનવ જીવન ચણતરમાં ભણતરના ભાર કરતાં ઘડતરની પરીક્ષાઓનું વધુ મહત્વ હોય છે. જ્યારે ભૌતિકવાદી જીવનમાં કેવળ માત્ર ભણતરના ભારની પરીક્ષાઓનું જ વધારે મહત્વ હોય છે. ભૌતિકવાદના ભણતરમાં પ્રેમ અને વિશ્વાસ વાંચનમાં આવે તેવા કોઈ જ પાઠો નથી. ભૌતિકવાદની કોરી ડીગ્રીઓ થકી માનવ જીવનમાં ઘડતર અને ચણતરના દાખલાઓ ઉકેલી ન શકાય. માટે જ ભૌતિકવાદ માનવ-માનવ વચ્ચેના જીવનને જોડી કે બાંધી શકતો નથી. માનવ-માનવ વચ્ચે સમજણના સેતુઓ બાંધવા માટે મનુષ્યજાતિએ બીજા કોઈપણ વિકલ્પ વગર વૈદિક વાટિકામાં વિચરણ કરવું જ રહ્યું. એના સિવાય બીજો કોઈ અન્ય માર્ગ નથી. સુનંદા અને કાર્લની ઘટનાઓ ભૌતિકવાદની ભૂખ ખોલનારાઓ અને વિકાસની વાતો કરનારાઓ માટે એક ઉંધી જોરદાર લપડાક છે. કારણ કે ભૌતિકવાદીઓ માનવ જીવનમાં ઉપયોગી મુખ્ય રાસાયણિક તત્વોથી બિલકૂલ અજાણ છે. કેવળ માત્ર સંપત્તિ અને સત્તાથી સુખ પ્રાપ્ત રી શકાતું નથી, એવાત આ બંને ઘટનાઓથી પુરેપુરી ખુલ્લી પડી જાય છે. સુખનું સરનામું શોધવા માટે ગાડીની જરૂર નથી. સુખના સરનામે પહોંચવા માટે હોટલ છોડી પગે ચાલીને જ પહોંચી શકાય છે.

સાચા, સીધા અને સરળ સંબંધોના સરવાળાઓમાં હવે બાદબાકી થતી જોવા મળે છે. આડા અને અવળા સંબંધોનો ગુણાકાર વધતો જાય છે. ભૌતિકવાદમાં અઢળક પદાર્થો અને પૈસા વચ્ચે જીવન જીવતા મનુષેયના દિલ અને દિમાગમાં કંઈક ખાલીપણાનો ખેલ વધારે જોવા મળે છે. શું એ ખાલીપણાને દુનિયાની કોઈ ભૌતિકશક્તિ ભરી શકે ? શું પૈસો કે પદાર્થો એ ખાલીપણાને પુરી શકે છે ? પ્રશ્નો ઘણાં છે. પરંતુ ઉત્તરો આપવા કોઈ ભૌતિકવાદી આગળ આવતું નથી. સુનંદા અને કાર્લની આત્મહત્યાની બંને ઘટનાઓમાં સામ્યતા એ છે કે બંને પાત્રો પોતાના સૌથી નિકટતમ જીવનસાથીના વ્યવહારથી પોતાના દિલ અને દિમાગમાં ખાલીપણાનો અનુભવ કરી રહ્યા હતા. જીવનમાં ખાલીપણાનો અનુભવ જ માણસાને એકલો-અટુલો હોવાનો ભાર વધારે છે. આ "ભાર" સહન ન કરી શકવાથી માણસ આત્મહત્યા જેવું પગલું ભરે છે. જે સમાજ માટે કલંકરૂપ છે.

ભૌતિકવાદના ભાર નીચે માનવી જીવનના દરેક બે સંબંધો વચ્ચે ઉતાર-ચડાવની રેખાઓ લાંબી થતી જાય છે ત્યારે જીવનમાં ખાલીપણાની જગ્યામાં વધારો થાય છે. જ્યારે જીવનમાં ખાલીપણાનો વધારો જોવા મળે ત્યારે પૈસો કે પદાર્થો કામ કરી શકતા નથી. ખાલીપણાનો ભાર સાથી, સંબંધીઓ કે મિત્રો જ પ્રેમ અને વિશ્વાસથી સમજણના સેતુઓ દ્વારા સમારકામ કરી શકે છે. આજકાલ પરિવારોમાં પણ પ્રેમ અને વિશ્વાસની જગ્યાએ પોતાપણાનો પ્રભાવ અને પ્રસારણ વધતું જોવા મળે છે. જે પરિવારના અન્ય સભ્યો માટે ખાલીપણાનું કારણ બને છે. પૈસો અને પદાર્થોના ઢગલાઓ વચ્ચે સુખી દેખાતો આજનો માનવી ખરેખર વાસ્તવિક જીવનમાં શું એ સુખી છે ? આ પ્રશ્ન હવે દરેક વખતે જીવનમાં પ્રાસંગિક બનતો જાય છે. "બધું જ છે પણ જીવન જીવવાની મજા નથી આવતી" આવા વાક્યો કરોડપતિ પરિવારના સભ્યો બોલીને સ્વીકાર કરે છે. જીવનમાં આ મજા લાવવી ક્યાંથી ? મજાની સમજણ અને શિક્ષણનો અભાવ સમાજમાં જોવા મળે છે. કારણ કે માનવથી માનવ દૂર થતો જાય છે. જીવનમાં ખાલીપણાને દૂર કરતી અને જીવનમાં અંદરથી મજા આપતી મૌજની સ્કૂલો હજી ખૂલી નથી.

(ક્રમશઃ)

માલિક, મુદ્રક, પ્રકાશક અને તંત્રી : અરવિંદ કે રાણાએ અનુગ્રહ કોમ્પ્યુટર્સ એન્ડ પ્રિન્ટર્સ જી.આઈ.ડી.સી., સેક્ટર - ૨૮, ગાંધીનગર ખાતે છપાવી પ્લોટ નં. ૭૯૧/ડી/૩, પંચશીલ પાર્ક, સેક્ટર - ૨૧, ગાંધીનગર -૩૮૨૦૨૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. ફોન (૦૭૯)૨૩૨૧૦૦૭૧ ઈ-મેઈલ : agnipathgnr@gmail.com

OWNER, PRINTER, PUBLISHER & EDITOR : ARVIND K. RANA PRINTED AT ANUGRAH COMPUTERS AND PRINTERS G.I.D.C., SECTOR - 28, GANDHINAGAR. PUBLISHED FROM : PLOT NO. 791/D/3, PANCHSHEEL PARK, SECTOR - 21, GNADHINAGAR - 382021 PHONE : (079) 23210071. E-MAIL : agnipathgnr@gmail.com